ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૪૨ ૧ જુલાઈ ૨૦૧૮ પાના-૧૬ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી

કિસનદાસાદિ જિજ્ઞાસુઓ,

દીર્ઘ કાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે; અને એ બોધબીજ તે પ્રાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે.

જિને બાવીશ પ્રકારના પરિષહ કહ્યા છે, તેમાં દર્શન પરિષહ નામે એક પરિષહ કહ્યો છે, તેમજ એક બીજો અજ્ઞાન પરિષહ નામનો પરિષહ પણ કહ્યો છે. એ બન્ને પરિષહનો વિચાર કરવા યોગ્ય છે; એ વિચાર કરવાની તમારી ભૂમિકા છે; અર્થાત્ તે ભૂમિકા (ગુણસ્થાનક) વિચારવાથી કોઈ પ્રકારે તમને યથાર્થ ધીરજ આવવાનો સંભવ છે.

કોઈ પણ પ્રકારે પોતે કંઈ મનમાં સંકલ્પ્યું હોય કે આવી દશામાં આવીએ અથવા આવા પ્રકારનું ધ્યાન કરીએ, તો સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, તો તે સંકલ્પેલું પ્રાયે (જ્ઞાનીનું સ્વરૂપ સમજાયે) ખોટું છે, એમ જણાય છે.

યથાર્થ બોધ એટલે શું તેનો વિચાર કરી, અનેક વાર વિચાર કરી, પોતાની કલ્પના નિવૃત્ત કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે. 'અધ્યાત્મસાર'નું વાંચન, શ્રવણ ચાલે છે તે સારું છે. અનેક વાર ગ્રંથ વંચાવાની ચિંતા નહીં, પણ કોઈ પ્રકારે તેનું અનુપ્રેક્ષણ દીર્ઘકાળ સુધી રહ્યા કરે એમ કરવું યોગ્ય છે.

પરમાર્થ પ્રાપ્ત થવા વિષે કોઈ પણ પ્રકારનું આકુળવ્યાકુળપણું રાખવું — થવું — તેને 'દર્શન-પરિષહ' કહ્યો છે. એ પરિષહ ઉત્પન્ન થાય તે તો સુખકારક છે; પણ જો ધીરજથી તે વેદાય તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ થવાનો સંભવ થાય છે.

તમે 'દર્શનપરિષહ'માં કોઈ પણ પ્રકારે વર્તો છો, એમ જો તમને લાગતું હોય તો તે ધીરજથી વેદવા યોગ્ય છે; એમ ઉપદેશ છે. 'દર્શનપરિષહ'માં તમે પ્રાયે છો, એમ અમે જાણી એ છીએ.

કોઈ પણ પ્રકારની આકુળતા વિના વૈરાગ્યભાવનાઓ, વીતરાગભાવે, જ્ઞાની વિષે પરમભક્તિભાવે સત્શાસ્ત્રાદિક અને સત્સંગનો પરિચય કરવો હાલ તો યોગ્ય છે.

કોઈ પણ પ્રકારની પરમાર્થ સંબંધે મનથી કરેલા સંકલ્પ પ્રમાણે ઈચ્છા કરવી નહીં; અર્થાત્ કંઈ પણ પ્રકારના દિવ્યતેજયુક્ત પદાર્થો ઈત્યાદિ દેખાવા વગેરેની ઈચ્છા, મન:કલ્પિત ધ્યાનાદિ એ સર્વ સંકલ્પની જેમ બને તેમ નિવૃત્તિ કરવી.

'શાંતસુધારસ'માં કહેલી ભાવના, 'અધ્યાત્મસાર'માં કહેલો આત્મનિશ્ચયાધિકાર એ ફરી ફરી મનન કરવા યોગ્ય છે. એ બેનું વિશેષપણું માનવું.

'આત્મા છે' એમ જે પ્રમાણથી જણાય, 'આત્મા નિત્ય છે' એમ જે પ્રમાણથી જણાય, 'આત્મા કર્ત્તા છે' એમ જે પ્રમાણથી જણાય, 'આત્મા ભોક્તા છે' એમ જે પ્રમાણથી જણાય, 'મોક્ષ છે' એમ જે પ્રમાણથી જણાય, અને 'તેનો ઉપાય છે' એમ જે પ્રમાણથી જણાય, તે વારંવાર વિચારવા યોગ્ય છે. 'અધ્યાત્મસાર'માં અથવા બીજા ગમે તે ગ્રંથમાં એ વાત હોય તો વિચારવામાં બાધ નથી. કલ્પનાનો ત્યાગ કરી વિચારવા યોગ્ય છે.

જનકવિદેહીની વાત હાલ જાણવાનું ફળ તમને નથી.

બધાને અર્થે આ પત્ર છે.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

**(પત્રાંક-૩૩૦), મુંબઈ, માહ ૧૯૪૮**

**શું આપે આપનું ગૌરક્ષાપાત્રનું લવાજમ ભર્યું છે ? કદાચ ન ભર્યુ હોય અથવા એવી શંકા હોય તો પાનાં નં.૧૪ પર છાપેલ લીસ્ટમાં આપનો ગ્રાહક નંબર છે કે નહિ તે જોઈ લેવા વિનંતિ.**

**- તંત્રી, રમેશભાઈ દોશી**

# ગાંધીજીના વિચારો

**(ગાંધીજીના વિચારો આપણી ભાવિ પેઢીને ખરી લોકશાહી કેવી રીતે જીવંત રાખી શકાય છે, તેનાં દિશાસૂચન સમાન છે. - સહ્ સંપાદક)**

## અસહિષ્ણુતા

આપણે લોકશાહીની સાચી ભાવના કેળવવા માગતા હોઈએ તો અસહિષ્ણુ બનવાનું આપણને પાલવી શકે નહીં. અસહિષ્ણુતા પોતાના ધ્યેય પરની શ્રદ્ધાનો અભાવ દર્શાવે છે.

મેં ફરી ફરીને કહ્યું છે કે કોઈ પણ સંપ્રદાયને પોતાનો વિચાર જ સાચો છે એવો દાવો કરવાનો અધિકાર નથી. આપણે સૌ ભૂલને પાત્ર છીએ અને વારંવાર આપણે આપણા વિચાર બદલવા પડે છે. હિંદ જેવા વિશાળ દેશમાં દરેક પ્રામાણિક સંપ્રદાય માટે અવકાશ હોવો જ જોઈએ. એટલે આપણી પોતા પ્રત્યે તેમ જ પારકા પ્રત્યે ઓછામાં ઓછી એટલી ફરજ તો છે કે આપણે વિરોધીનો વિચાર સમજી લેવો અને જો તે ન સ્વીકારી શકીએ તો તેને એટલું જ માન આપવું કે જેટલાની આપણે આપણા વિચાર માટે તેની પાસેથી આશા રાખીએ. આ મનઃસ્થિતિ નીરોગી પ્રજાજીવનની એક અગત્યની કસોટી છે, અને એમાં જ સ્વરાજની લાયકાત રહેલી છે.

જો આપણામાં પ્રેમભાવ ન હોય અને સહિષ્ણુતા ન હોય તો આપણે આપણા મતભેદો કદી શાંતિથી ઉકેલી શકવાના જ નથી. આપણે હંમેશાં ત્રીજા પક્ષની એટલે પરરાજ્યની લવાદીને આધીન રહેવું પડશે. અસહિષ્ણુતા, અવિવેક, કઠોરતા એ બધું... સર્વ સભ્ય સમાજમાં ત્યાજ્ય મનાય છે, અને લોકશાસનની ભાવનાની વિરુદ્ધ તો ખસૂસ છે જ. બીજા પક્ષને જો આપણે સાંભળવા તૈયાર ન હોઈએ તો લોકશાહી વિકસી ન શકે. આપણા સામાવાળાને આપણે સાંભળવા ના પાડીએ કે સાંભળીને તેમની હાંસી કરીએ, તો બુદ્ધિનાં બારણાં આપણે બંધ કરીએ છીએ. અસહિષ્ણુતા જો આદત બની જાય, તો સત્ય ચૂકવાનું જોખમ આપણે વહોરીએ છીએ. આપણી સમજશક્તિ પર કુદરતે મૂકેલી મર્યાદાઓમાં રહીને, આપણને બક્ષવામાં આવેલા જ્ઞાન પ્રમાણે નીડરતાથી વર્તતાં છતાં, આપણે હંમેશા ખુલ્લું મન રાખવું જોઈએ, અને જે આપણે સત્ય માનતા હતા તે આખરે અસત્ય નીવડે તો તે જોવા માટે સદા તત્પર હોવું જોઈએ. આવી ખેલદિલી આપણા સત્યને મજબૂત કરે છે અને એમાં જો કોઈ ભેળસેળ હોય તો તેને દૂર કરે છે.

## પ્રજાતંત્ર

પ્રજાતંત્ર એટલે ખરું જોતાં આખી પ્રજાના કલ્યાણને માટે પ્રજાના જુદા જુદા તમામ વર્ગોની શારીરિક, આર્થિક અને આત્મિક શક્તિઓને એકત્ર કરી કામે લગાડવાની કળા.

## શિસ્ત

જેમ સ્વતંત્રતા વધારે તેમ શિસ્ત અને નમ્રતા વધારે હોવાં જોઈએ. શિસ્ત અને નમ્રતામાંથી ઉદ્‌ભવતી સ્વતંત્રતાની ના પાડી શકાતી નથી. બે-લગામ સ્વેચ્છાચાર એ તો અસંસ્કારિતાનું લક્ષણ છે તે પોતાની જાતને તેમ જ પોતાના પાડોશીઓને બંનેને નુકસાન કરે છે.

નિયમનમાં રહેનારી અને જ્ઞાનવાન એવી લોકશાહી એ જગતમાં સુંદરમાં સુંદર વસ્તુ છે. પૂર્વગ્રહવાળી, અજ્ઞાની અને વહેમી નોકરશાહી અંધાધૂંધીમાં ઊતરશે અને કદાચ પોતાના હાથે પોતાનો નાશ કરશે.

**- મો. ક. ગાંધી, નવજીવનનો અક્ષરદેહ માંથી**

## આ અંકમાં


| આ અંકમાં | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| ગાંધીજીના વિચારો | મો.ક. ગાંધી | ૨ |
| તંત્રી સ્થાનેથી- ગંભીર ભૂલ | રમેશભાઈ દોશી | ૩ |
| જ્ઞાનસાર | મનુભાઈ દોશી | ૪ |
| ધર્મને જીવવાની વાત | નવલભાઈ શાહ | ૬ |
| ભૂમિગત જળનું ઘટી રહેલુ સ્તર | મેનકા ગાંધી | ૭ |
| ભારતીયોની સલામતી બાબત | મંજરી મેઘાણી | ૮ |
| પાપનો ડર, પાપનો ડંખ | વિરાગમાલાશ્રીજી | ૯ |
| જિન્દગી જીવી જાણી શ્રીકાંતે | પ્રીતિ શાહ | ૧૦ |
| બંધ દિમાગના લોકો | કિશોર મકવાણા | ૧૦ |
| બાબા આમટે | ટીના ગડા | ૧૧ |
| સત્ય ઘટના | પ્રે. શાંતિલાલ ગડા | ૧૨ |
| ચિંતનનો ચારો | પૂ. નમ્ર મુનિ | ૧૨ |
| તબીબી જગત | ડો. બી.એમ. હેગડે | ૧૩ |
| લવાજમ બાકી છે. | રમેશભાઈ દોશી | ૧૪ |
| મહર્ષિ અરવિંદ | સૌ. અખંડ આનંદ | ૧૫ |
| કવિતા | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૫ |
| કચ્છ ગૌરવ | ખ્યાતિ બાજપેયી | ૧૬ |


**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## તંત્રી સ્થાનેથી :

### આ અમારી ગંભીર ભૂલ છે

ગોરક્ષા પાત્રનો આ ૪૨મો અંક આપના હાથમાં આવી રહ્યો છે. એક પ્રેરણા થઈ અને ૨૦૧૫ થી ગોરક્ષાપાત્ર ફરી શરૂ થયું. ગ્રાહકોનું ૨૦૦૭નું જુનું લીસ્ટ હતું તેમાં બીજા નામો ઉમેરાતા ગયા. આજે ૧૦૫૦ કોપી પોષ્ટ થાય છે.

મુમુક્ષુ મિત્રોનો વણમાંગ્યે ખૂબ જરૂર કરતાં વધારે સહકાર મળ્યો છે. એથી પ્રમાદ પેસી ગયો એનો ખ્યાલ ન રહ્યો. લવાજમની ફિકર વગર સહુને મોકલતા રહ્યા. એ માટેનો સમય નથી એ બહાના નીચે આ ગંભીર ભૂલ છે તેનો ખ્યાલ ન રહ્યો. આ અમારી વહીવટી ખામી છે અને સમાજની સંપતિનો ગેરઉપયોગ છે એમ આ એકાંત, નિરાંત અને સ્થિરતાના યોગમાં સ્પષ્ટ દર્શન થયું.

લગભગ ૧૦૦થી વધારે વાંચેકોએ એક કે બે વાર રૂા.૧૦૦ કે રૂા.૨૦૦ ભર્યા છે. લગભગ ૬૦૦ વાંચકોએ કોઈ જ રકમ ભરેલ નથી. રકમ નથી ભરી એમાં વાંચકોનો દોષ નથી. આજ સુધી વણમાંગ્યે તેમની ઈચ્છા છે કે નહીં એ જાણ્યા વગર ગોરક્ષા પાત્ર મોકલેલ છે.

જે ભૂલ થઈ છે એ હવે સુધારવી રહી. આ સાથે એવા લગભગ ૭૦૦ ગ્રાહકોના નંબર (પાના નં.૧૪ પર) આપેલ છે. સહુને વિનંતિ છે કે આ લીસ્ટ જરૂરથી ચેક કરી લેશો. અને આપનો નંબર જે એડ્રેસ સાથે છે તે હોય તો લવાજમ મોકલી આપવા વિનંતિ છે. હજુ જુલાઈ /ઑગસ્ટ બે અંકો સહુને મળતા રહેશે. સપ્ટેમ્બર ૧૮ થી જેના લવાજમ નહી આવ્યા હોય તેમને પ્રીન્ટ કોપી મોકલવાનું બંધ થશે. જો કે હવે કોઈ ગોરક્ષા પાત્રથી વંચિત રહેશે નહીં કેમકે ગોરક્ષા પાત્રની Website www.gorakshapatra.org. પર આપ Online સહેજે વાંચી શકો છો. એની કોઈ ફી નથી.

**નવું લવાજમ રૂા.૨૦૦થી વધુ ન મોકલવું. જે લવાજમ આવશે તે સપ્ટેમ્બર ૨૦૧૮ થી ગણાશે. જુનામાં** Adjust **નહી થાય. ભૂલ અમારી છે એની સજા વાંચકો ને કેમ કરાય ?** મુમુક્ષુ મિત્રોને ખાસ હાથ જોડીને નમ્ર વિનંતિ છે કે જેમણે ૫૦૦/૧૦૦૦ કે તેથી વધારે રકમ કે સૌજન્ય આપેલ છે તેમણે હવે વર્ષ ૨૦૨૦ સુધી તો કોઈ રકમ મોકલવી નહી કે બેંકમાં ભરવી નહી. હવેથી ગોરક્ષા પાત્ર લવાજમ આધારે જ ચાલશે. કોઈ સૌજન્ય માટે મિત્રો આગ્રહ પણ ન કરે એટલી વિનંતિ છે. આજે પણ એક લાખનું બેલેન્શ છે જ. ઈશ્વર ઉપર વિશ્વાસ રાખીએ. એ આપણને ક્યારેય નિરાશ નહીં કરે. આજ સુધી નિરાશ નથી કર્યા એ અમારો અનુભવ છે.

સાબરમતી આશ્રમ પાલડીથી ગામ બહાર ફેરવવાનું નક્કી થયું નવા મકાન વિ. બનાવવા ચાલીસ હજાર મળેલ. વરસાદને હિસાબે કામ શરૂ ન થયું. ગાંધીજીએ રકમ પાછી મોકલી આપી. આપણે રકમ પાછી નથી મોકલતા એટલી આપણી કચાશ.

લોકભારતી આંબલામાં શરૂ થઈ. હરિજન બાળકો પણ શાળામાં દાખલ થયા. સવર્ણોએ એમના બાળકોને નિશાળેથી ઉઠાડી લીધા. પાંચ જ વધ્યા. નાનાભાઈ ભટ્ટે કહ્યું પાંચને ભણાવશું એક હશે તો એકને ભણાવશું.

આપણો આદર્શ આવા જીવંત મહાપુરુષો છે. આપણા ચારિત્રને સંભાળવું અત્યંત મહત્વનું છે. એટલું થશે તો બાકીનું તો ગીતામાં ઈશ્વરે સંભાળવવાનું વચન આપ્યું જ છે. આ શ્રધ્ધાને વિશ્વાસ એ ગોરક્ષા પાત્રનો પાયો છે અને રહેશે. એ રાખવો જોઈએ અને જળવાઈ રહે એ આપણા સહુની સહિયારી જવાબદારી છે. ગોરક્ષાપાત્ર એ સહુની સહિયારી માલિકી છે.

શ્રીમદ્જીએ મુળ મારગ કાવ્યમાં લખેલ છે. ''માત્ર કહેવું પરમારથ હેતુથી રે, 'કોઈ' પામે મુમુક્ષુ વાત''

આવા 'કોઈ' શ્રીમદ્, ગાંધી, વિવેકાનંદને જીવતો જાગતો કરવો એ આપણું સહિયારું લક્ષ છે. એ ચૈતન્ય સર્વમાં પડેલું જ છે. માત્ર એ જ્યોત પ્રગટે એટલી જ વાર છે. એકમાં જ પ્રગટે તો પણ આજના વિશ્વની સર્વ સમસ્યાનો શાંતિ પૂર્ણ સહુને સ્વીકાર્ય એવો ઉકેલ આવી જાય. વિશ્વશાંતિ થાય. આ છે આપણામાં રહેલા ચૈતન્યનો મહાપ્રભાવ અને એવી શક્યતા આ ભારત ભૂમિમાં જ છે એમ સંતો કહે છે.

લક્ષ સ્પષ્ટ છે, ચિત્ર સ્પષ્ટ છે, હવે શ્રધ્ધા અને અખૂટ ધીરજનો આ પ્રયોગ છે. સત્પરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો. - **ક્ષમાપાર્થી રમેશભાઈ દોશી.**

**Honesty may not always pay but**
**Dishonesty always costs**
**Lies has speed but Truth has Stamina.**
**The Best of Truth may shake but it never Sink.**

## ગાવો વિશ્વસ્ય માતર :

## જ્ઞાનસાર - પૂર્ણતા અષ્ટક-૩

પ્રજ્ઞાચક્ષુ મનુભાઈ દોશી એક અંતરમુખી સાધક આત્મા છે. ઘણા આચાર્યો ગચ્છાધિપતિઓ પણ તેમના સ્વાધ્યાય-વાંચન માટે તરસતા હોય છે. ધાર્મિક પ્રસંગોના મુહૂર્ત સાધુ સંતો તેમની પાસેથી લેવાનો આગ્રહ રાખતા એવા જ્યોતિષવિદ્ પણ છે. જો કે હવે જ્યોતિષ કાર્ય બંધ કર્યું છે. તેવા ઉત્તમ સાધકે આ જ્ઞાનસાર ગ્રંથનું ફરી વિવેચન શરૂ કર્યું છે. ઘણા વખતથી માંગણી હતી આપણી એ આ લેખથી પુરી કરેલ છે. - **તંત્રી.**

જ્ઞાનસારમાં ૩ર અષ્ટક છે તેમાંના પ્રથમ પૂર્ણતા અષ્ટકના ૩જા શ્લોકનું આ વિવેચન છે.

अवास्तवी विकल्पैःस्यात् पूर्णताब्धेरिवोर्मिभिः।
पूर्णानन्दस्तु भगवान् स्तिमितोदधिसन्निभः।।३।।

**ભાવાનુવાદ :** ઉછળતા ભરતીના તરંગો વડે જણાતી પૂર્ણતા અવાસ્તવિક છે. (તે મિથ્યા અને નાશવંત છે.) તેમ મોહની વિકલ્પજન્ય પૂર્ણતા અવાસ્તવિક છે. શુધ્ધ સ્વભાવવાળો પૂર્ણ આનંદમય ભગવાન તો સ્થિર સમુદ્ર જેવો શાંત હોય છે.

જ્ઞાનસાર ગ્રંથ અને તેમાં પણ તેનું પ્રથમ પૂર્ણાષ્ટક તો સોનામાં સુગંધ ભળે તેવું છે. તેમાં આજના ત્રીજા શ્લોકમાં એમ જણાવ્યું છે કે, ભરતીના કારણે સમુદ્રના મોજાઓ ઉછળતા હોય ત્યારે સમુદ્રની શોભા ઓર વધી જાય છે તેનું આ સૌંદર્ય માનવીના મનને આનંદ વિભોર કરે છે. ભર્યો ભર્યો સુંદર દેખાતો મોજાઓથી ઊછળતો સમુદ્ર જાણે કે પૂર્ણતાનું પ્રતિક હોય તેમ સાગરઘેલા માનવીઓ તેના કિનારે બેસીને જે મોજ માણે છે તે ક્ષણિક અને નાશવંત છે. સાગરમાં આવતી ભરતી અને ઓટનું કારણ શુક્લ પક્ષમાં ચંદ્રની કળાની જેમ વધતી જાય અને આખરે પૂનમનો ચંદ્ર જેમ આકાશમાં સોળે કળાએ ખીલી ઊઠે છે તેમ ધરતી ઉપર સાગરનું સૌંદર્ય નીખરી ઊઠે છે. પરંતુ ત્યાર પછી કૃષ્ણપક્ષમાં અમાવસ્યાની અંધારી રાતે ભરતીના બદલે ઓટ જોવા મળે છે. દરિયાના મોજાં દૂર દૂર જોવા મળે છે. અને સમુદ્ર તે સમયે તેજહીન જણાય છે. એ પણ યાદ રાખવું ઘટે કે પૂનમની ચાંદની રાતે આજે વિજ્ઞાને એ સિધ્ધ કર્યું છે કે ઊછળતા મોજાની જેમ સ્વસ્થ મનુષ્યના મનમાં વિચારોના મોજા ઊછળે છે. એટલું જ નહીં પરંતુ નબળા મનના માનવીના મનમાં કે જેઓ લ્યુનેટીક છે અર્થાત ચંદ્રની પૂનમની અસરના નીચે આવા ગાંડપણ ધરાવતા લોકોમાં તે દિવસે ગાંડપણનું તોફાન વધે છે. અને એ પણ સત્ય છે કે અકસ્માતોનું પ્રમાણ આ દિવસે વધુ હોય છે. આ તમામ બાબતો એક જ વાત સૂચવે છે કે સમુદ્રના તરંગો નાશવંત છે, ક્ષણિક છે અને તેનાથી શોભાયમાન બનેલો સમુદ્ર પણ અલ્પકાળ માટે સુંદર જણાય છે.

કવિ સમુદ્રને આત્મિક સુખ સાથે આત્માના પરિપૂર્ણ સુખ સાથે કેવી રીતે સરખાવે છે તે હવે જોઈએ.

સમુદ્રને માટે તેની સત્ય હકીકતની પૂર્ણ જાણકારી મેળવનારા વૈજ્ઞાનિકો કહે છે કે, સમુદ્રમાં ખનીજના ભંડારો છે. ઓઈલ, ક્રુડ, કેરોસીન, પેટ્રોલ ઉપરાંત યુગોથી સહુ જાણે છે કે સમુદ્ર રત્નાકર છે. અનેક પ્રકારના વિવિધ રત્નો જે અતિ કિંમતી હોય છે તે સમુદ્રમાં હોય છે. આ તો થઈ સંપતિની વાત. પરંતુ સાગરની ગંભીરતા, તેની ગહનતા, અરે તેની સ્થિતપ્રજ્ઞતા અર્થાત તેની સમ્યકત્વ સ્થિતિનો ઈતિહાસ અદભૂત છે. મનુષ્ય જાતિના ઈતિહાસમાં હજારો વર્ષોથી યુધ્ધો ખેલાતા આવ્યા છે. આ વિશ્વે બે વિશ્વયુધ્ધો જોયાં છે અને ત્રીજા વિશ્વયુધ્ધના ભય અને આંતકમાં આજનો મનુષ્ય જીવી રહ્યો છે. ભૂખ લાગે ત્યારે નાની માછલીને મોટી માછલી ગળી જાય છે. ત્યાં પણ વ્હેલ માછલી જેવા ખૂબ મોટા મત્સ્ય છે અને બુધ્ધિશાળી અને માનવીય સંવેદના ધરાવતી ડોલ્ફીન માછલી છે. સમુદ્ર અરેબિયન હોય, રાતો સમુદ્ર, કાળો સમુદ્ર, કે પીળો સમુદ્ર હોય પણ તેની અંદર વિશ્વ યુધ્ધો થતાં નથી અને કદાચિત જે કાંઈ થાય છે તે મનુષ્ય દ્વારા જ સમુદ્રની સપાટી ઉપર કે સપાટીની અંદર સબમરીનો દ્વારા થાય છે. તેથી વાસ્તવમાં આ સમુદ્ર માત્ર તેની અંદર કે ઉપર બનતી તમામ ઘટનાઓનો જ્ઞાતાદ્રષ્ટા છે. સાગર તો માત્ર ભગવાન આત્માની જેમ પ્રત્યેક બાબતને જોનાર અને જાણનાર છે. સાગર માત્ર સાક્ષી છે. તેનામાં ક્યારેય કર્તાભાવ આવતો નથી, કર્તાભાવ છે નહીં અને કર્તાભાવ આવશે પણ નહીં.

કવિશ્રીએ જ્યારે સમુદ્રની લાક્ષણિકતા અને ગુણોને ધ્યાનમાં રાખીને આત્મા સાથે તુલના કરી છે ત્યારે સમસ્ત માનવ જાતને એક અદ્ભૂત સંદેશ આપ્યો છે. પૂનમની ભરતી અને મોજાને ભૌતિક સુખો અને સમૃધ્ધિને તેઓએ ક્ષણિક અને નાશવંત જણાવ્યા છે. તેઓ જે સુખ આપે છે તે કાલ્પનિક, ભ્રાંતિવાળુ અને અપૂર્ણ છે. આજનો માનવી પોતે સુખી થવા માટે અનેકને અથવા અસંખ્યને કે લોકના સમૂહને પણ અન્યાય કે અનીતિ દ્વારા ધક્કો મારીને પોતાના સુખ-સમૃધ્ધિ વધારવામાં માને છે તેથી જ કર્મના અખંડ સિધ્ધાંત મુજબ 'કરે તેવું પામે' અને 'વાવે તેવું લણે' તે ન્યાય પ્રમાણે તેના જીવનમાં સુખ ઓછું હોય છે

અને દુ:ખ વધુ આવે છે. બદલો ભલા બુરાનો અહીંનો અહીં મળે છે. આવી કરૂણ દાસ્તાન જોઈને વાસ્તવિકના સંદર્ભમાં મે પોતે એક દુહામાં જણાવ્યું છે કે,

''ઉપર મોજા ઊછળે, દુ:ખ નિરાશા નામ
તું છો સાગર શાંતિનો, ડૂબકી મારી પામ.''

માનવી ગતાનુગતિકતાથી, સમાજના ડરથી કે લોકસમુહ ઘેટાના ટોળાની જેમ જે રસ્તે ચાલે છે તેમ ચાલવાને બદલે પોતાની જાત સાથે મિત્રતા કરે, વારંવાર પોતાની જાતની પૃચ્છા કરે, સાચું શું અને ખોટું શું તેનો વિચાર કરે તો આપોઆપ અંતરમુખતા ઊભી થશે અને જ્ઞાન થશે કે પોતે જ શાંતિનો સાગર છે. અંદર રહેલી અખંડ શાંતિનો અનુભવ થશે. અને હે આત્મન્ તું જરૂર વિશ્વાસ રાખ કે આપણા ગુજરાતી કવિએ કહ્યું છે તે ઉક્તિ તારા જીવનને જરૂર લાગુ પડશે.

''માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે રે''

આ આખો માર્ગ અંતરમુખતાનો છે. સાક્ષીભાવનો છે. અકર્તાપણાનો છે. તેને પકડવાનો પ્રયત્ન કરવાથી પકડાશે નહીં અને ભૌતિક સુખોને વ્યસનોનો ત્યાગ કરવાના નિયમો લેવાથી છુટશે નહી. આ આખા માર્ગ ઉપર સાધકે જાતે એકલાએ જ ચાલવાનું છે. નિમિત્ત તરીકે કે ઋણાનુબંધના કારણે એક બીજાને ઉપયોગી જરૂર થઈ શકે પરંતુ પુરુષાર્થ (ઉપાદાન) તો વ્યક્તિએ જાતે જ કરવો પડશે, અહીં કરવો પડશે શબ્દ પણ ભ્રામક છે. કારણ કે પ્રાપ્તિનો આધાર, સ્વાનુભૂતિનો માર્ગ જે અંતરમુખતા સાથે સંકળાયેલો છે તે માત્ર ને માત્ર આ બાબતની યથાર્થ રૂચિ પ્રગટ થશે ત્યારે યથાર્થ માર્ગ અવશ્ય મળી જશે. એક જેને યથાર્થ રૂચિ પ્રગટી ચુકી હતી તેણે એમ કહ્યું છે કે.

''શ્રધ્ધા જ મારી લઈ ગઈ મંઝીલ ઉપર મને
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ!''

યથાર્થ રૂચિ પ્રગટે ત્યારે યથાર્થ શ્રધ્ધા જન્મે અને યથાર્થ શ્રધ્ધા જન્મે ત્યારે મંઝીલ સુધી જવા માટે ચાલવું પડતું નથી. પરંતુ મંઝીલ સામેથી ચાલીને પોતાની અંદર આવે છે અર્થાત આત્માની સ્વાનુભૂતિ પ્રગટ થાય છે.

મંઝીલ સામેથી ચાલીને પરમાત્માના મિલનની યુગો જુની ઝંખના કંઈ રીતે પૂરી કરાવે છે તેનું એક દ્રષ્ટાંત અહી આલેખેલ છે.

જૈન દર્શનનો એક સિધ્ધાંત એ પણ છે કે (૧) દ્રવ્ય એટલે કે આત્મા-દેહધારી વ્યક્તિ (૨) ક્ષેત્ર એટલે કે જે જગ્યાએ ઘટના ઘટે છે તે જગ્યા (૩) કાળ એટલે કે જે સમયે તે ઘટના બને છે તે સમય (૪) ભાવ એટલે કે ઘટનાના પ્રાદુર્ભાવ થવા માટેની યથાર્થ ભાવસ્થિતિ અને (૫) નિમિત એટલે કે ઘટના સમયે ઉપસ્થિત રહેનાર વ્યક્તિ કે તેને અંગેનું યોગ્ય નિમિત. સરળતા ખાતર સિધ્ધાંતને પાંચ વિભાગમાં સ્પષ્ટ કરેલ છે. પંદરમી સદીમાં આ સત્ય ઘટના મહારાષ્ટ્રમાં બનેલ છે ઘણું કરીને ગામનું નામ મંગલવેઢા છે. ત્યાંના કોઠા ઉપર તે સમયની સુપ્રસિધ્ધ ગાયિકા અને નર્તકી પોતાની અદ્‌ભૂત કલા ગાયકી અને નૃત્ય દ્વારા રાજા, અમીર ઉમરાવ અને સૂબા વગેરેના દિલો દિમાગને તરબતર કરી દેતી હતી. આ નર્તકીને જેની સાથે પ્રગાઢ પ્રેમસંબંધ હતો તેનાથી તેને એક પુત્રીનો જન્મ થયેલ હતો. તેનું નામ હતું ''કાન્હોપાત્રા'' આ કાન્હોપાત્રાને તેની ૧૪ વરસની વય સુધીમાં સંગીત-ગાયન-વાદન અને બીજી અનેક કલાઓમાં પ્રવિણ બનાવી દેવાઈ હતી. આ નર્તકીને ત્યાં સાચા કલા પારખુઓનો બહુમોટો વર્ગ નિયમિત આવતો હતો. તેથી શાસ્ત્રીય સંગીતની મહેફીલ કે જેમાં પ્રેમના તેમ જ પ્રભુમિલનના પદોને વિભિન્ન રાગોમાં તે નર્તકી રજૂ કરતી ત્યારે નૃત્ય અને ગાયકીના તે સંગમમાં રાત્રિના બધા પહોર વીતી જતા અને વહેલી પરોઢે કોઈને ના જવું હોય તો પણ સહુ ભારે હૈયે વિદાય લેતા હતા.

અમીર ઉમરાવ અને સમૃધ્ધિવાન લોકોની નજરમાં કાન્હોપાત્રા વસી ચૂકી હતી. કલા અને ગાયકીના પાત્રમાં કાન્હોપાત્રા બેનમુન હતી. માતા પણ તેની પ્રસંશા કરતી હર્ષથી છલકાતી હતી. પરંતુ છેલ્લા એક મહિનાથી ''નથની'' અંગે કાન્હોપાત્રા પાસે તે નર્તકી એક એકથી ચડીયાતા નામો રજુ કરવા છતાં તે કોને પસંદ કરે છે તે જવાબ આપતી નહોતી. છેવટે થાકીને તેની માતાએ તેને કહ્યું કે, ''મને તું ચોક્કસ જવાબ બે દિવસમાં જ આપી દે. હું તને જરૂર ખુશ કરીશ. તારી ઈચ્છા બડી ધામધૂમથી પૂરી કરીશ'' બે દિવસ પછી કાન્હોપાત્રાએ તેની માતાને જણાવ્યું કે, ''મા તું મારી વાત માન આ વાત તે મને જ્યારથી કરી ત્યારથી મને સ્વપ્નમાં પંઢરીનાથનું જ દર્શન થાય છે. તું મને પંઢરપુર ધામધુમથી લઈ જા.''

નર્તકીએ કાન્હોપાત્રાની ઇચ્છા પુરી કરી અને તે આખી પૂર્ણ કરી કેમકે પંઢરપુરમાં કાન્હોપાત્રાએ સાજીંદાઓ અને વાંજીત્રો વગર પંઢરીનાથ સમક્ષ અદ્‌ભૂત નૃત્ય કર્યું. તે જોઈને રંગમંડપના પ્રેક્ષકો પણ ભાવવિભોર થઈ ગયા અને કાન્હોપાત્રા કાયમ માટે પછી પંઢરીનાથની સેવામાં ત્યાં જ રહી ગઈ.

તે વખતના સૂબાને કાન્હોપાત્રામાં ગાઢ રસ હતો પણ તેની માંગણીનો નકારમાં જવાબ મળતાં કેટલાક

મહિનાઓ વીત્યા પછી ચૂપકીદીથી એક નાનકડી પચાસેક ખૂબ જ બહાદુર સૈનિકોની ટુકડી લઈ પવનવેગે પંઢરપુર આવવા નીકળ્યો અને પંઢરપુરમાં તે પ્રવેશ્યો ત્યારે કાન્હોપાત્રા અને સોએક દર્શનાર્થીઓ મંદિરમાં હતા. સૌના જીવ અધ્ધર થઈ ગયા. મંદિર પાસે કોઈ રક્ષણની વ્યવસ્થા નહોતી. કાન્હોપાત્રા આ સાંભળતા છતાં સંપૂર્ણ સ્વસ્થ અને શાંત હતી એક ક્ષણમાં જ તેણે જાણે કે પંઢરીનાથ સાથે મનોમન કોઈ વાત કરી લીધી અને આદેશ આપી દીધો કે સાજીંદાઓ અને વાજીંત્ર વગાડનારાઓ સજ્જ થઈ મારા નૃત્ય સાથે ગાયકીને સંભાળીલો. મંદિરના દરવાજા બંધ કરી દો. થોડા જ સમયમાં સૂબો ત્યાં આવી પહોંચ્યો. સુરોને સાંભળ્યા અને સાંભળતા જ રહ્યા. દરમ્યાનમાં અદભૂત ઘટના બની. બધા અંદર રહેલા લોકોએ નજરોનજર જોયું કે નૃત્ય કરતી કાન્હોપાત્રા ખૂબ ઝડપથી ગર્ભદ્વારમાં ઘસી ગઈ. તેની આ દ્રુતગતિ અને પંઢરીનાથના ચરણને તેના સ્પર્શની ભાવભંગીમાં જોયા પછી એક ક્ષણના પણ ઓછામાં ઓછા ભાગમાં લોકોએ જોયું કે ગર્ભદ્વારમાં કાન્હોપાત્રા હતી જ નહીં!!

મંદિરના દરવાજા ખૂલ્યા સૈનિકોની ટુકડી અંદર આવી. કાન્હોપાત્રા ક્યાંય હતી નહીં. બહાર નીકળવાનો કોઈ બીજો માર્ગ પણ હતો નહીં. પ્રભુ અને તેના ભક્તની મિલનની પૂછપરછ અને અનેક ચકાસણી ઘણી જ નમ્રતા સાથે સૂબાએ પોતે મંદિરમાં રહેલા માણસો સાથે કરી ત્યારે સહુનો એક જ જવાબ હતો કે ''કાન્હોપાત્રાએ જ્યારે પંઢરીનાથના ચરણને સ્પર્શ કર્યો કે તરત જ અદ્રશ્ય થઈ છે. આ કલ્પનાતીત હકીકત અમે નજરોનજર જોઈ છે!'' કાન્હોપાત્રા તો માત્ર થોડા મહીના જ પંઢરીનાથની સેવામાં રહી હતી. પરંતુ તેની પ્રભુભક્તિ અને સમર્પણ તથા તેના અદ્રશ્ય થવાની ઐતિહાસિક ઘટના જાણે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને નિમિત આ પાંચ સમવાયની સ્થિતિમાં એવી રીતે બની છે કે જો આટલા બધા સાક્ષીઓ ના હોત તો આ બાબત ક્યાંય કલ્પિત ગણાઈ જાત. આ બાબત કરતાં પણ સૌથી અગત્યની વાતએ છે કે પ્રેમલક્ષણા ભક્તિમાં સમર્પણ અને અહમ્ શૂન્યતાના શિખર ઉપર બિરાજતી કાન્હોપાત્રાને પંઢરીનાથે પોતાનામાં સમાવી લીધી એ હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

**- રચનાકાર : ઉપાધ્યાય શ્રીયશોવિજયજી,**
**લેખક : પ્રજ્ઞાચક્ષુ મનુભાઈ દોશી.**

## ધર્મને જીવવાની વાત

બનારસ યુનિવર્સિટીના બે વર્ષના અભ્યાસ દરમિયાન મને પંડિત સુખલાલજીના સમાગમનો લાભ મળ્યો. અઠવાડિયામાં એકાદ વખત એમની પાસે બેસવા જતો. નાની વયે આંખો ગુમાવ્યા છતાં પુરુષાર્થ કરી ભણ્યા. પછી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં તેઓ જૈનદર્શનના અધ્યાપક થયા. જૈન તત્ત્વજ્ઞાનના ધુરંધર પંડિત, પણ પંડિતાઈના ભાર વગર સાદી વાતો કરતા.

હું જન્મે જૈન, મારાં બા-બાપુજી ધાર્મિક વૃત્તિવાળાં. એટલે મને સ્વાભાવિક ઈચ્છા થઈ કે પંડિતજી પાસે જૈનદર્શનનો અભ્યાસ કરું. પંડિતજી જાણતા હતા કે હું તે યુનિવર્સિટીમાં ટેક્નોલોજીનું ભણવા આવેલો. એક દિવસ મેં નમ્રતાથી એમને કહ્યું, ''આપ જો મદદ કરો તો મારે જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો છે.''

તેઓ જરા ટટાર થયા અને પૂછ્યું, ''કેમ ?''

હું કાંઈ જવાબ આપું તે પહેલાં જ એમણે બીજો પ્રશ્ન પૂછ્યો : ''અખાડામાં મલ્લોને કુસ્તી કરતા જોયા છે ?''

''હા. જી.'' મેં કહ્યું. ''બસ!'' પંડિતજી બોલ્યા : ''કુસ્તીના દાવપેચ જેવી જ આ પણ એક કસરત છે. એ ચૂંથણાંનો પાર જ ન આવે. જો જીવનભર ચૂંથણાં કર્યા પછી એક વાત સમજાય છે - સાદાઈથી સ્વચ્છ જીવન જીવવું, બીજાને ઉપકારક થવાય એવું જીવન જીવવું, અને એ રીતે જીવતાં કોઈ ગૂંચ પડે તો અનુભવી સંતને પૂછવું, કે એવાં પુસ્તકો વાંચવાં. અખાએ કહ્યું છે કે, ગ્રંથ-ગરબડ કરી, વાત ન ખરી કરી.

એક હાથની હથેળી પર બીજા હાથની બે આંગળીની ટપલી મારતાં વળી કહ્યું, ''ગ્રંથ-ગરબડ કરનારાઓમાંનો હું પણ એક છું...... તું જુવાન છે, આવા સારા વિદ્યાલયમાં યંત્રવિદ્યાનું ભણે છે. તો પૂરી ખંતથી ભણ, એ આવડત દેશને માટે વાપર. છતાં જીવવામાં કોઈ ગૂંચ પડે તો આવજે.'' પંડિતજી પ્રજ્ઞાચક્ષુ હતા. બધાં દર્શનોને જીવનની કસોટીએ ચડાવીને જીવતાં સંત હતા. વેશ કે બાહ્યાચાર સાદા ગૃહસ્થ જેવો, ખાદીનું ધોતિયું અને અડધી બાંયની કફની પહેરતા. કોઈ જ આડંબર કે અપેક્ષા નહીં. એમના જેટલી વિચારની સ્પષ્ટતા બહુ ઓછા સંતોમાં મેં જોઈ છે. તેમણે જે વાત કરી તે છે ધર્મને જીવવાની. **- નવલભાઈ શાહ, સૌ. અખંડ આનંદ**

આત્મસ્વરૂપની ઓળખ વગર ભયમુક્તિની
આશા રાખવી તે તો ઝાંઝવાના જળથી
તૃષાતૃપ્ત થવાનો નિષ્ફળ પ્રયત્ન માત્ર છે.

# ભૂમિગત જળનું ઘટી રહેલું સ્તર

સિંચાઈ વિભાગમાં 'ડાર્ક એરિયા' શબ્દનો ઉપયોગ થાય છે. 'ડાર્ક એરિયા' એટલે એવો વિસ્તાર જ્યાં ટ્યુબવેલ બેસાડવાનો કોઈ અર્થ નથી કારણ કે ત્યાં ભૂમિગત જળ ૫૦૦ ફૂટ નીચે જતું રહ્યું હોય છે. છેલ્લાં દસ વર્ષમાં વધુને વધુ વિસ્તાર 'ડાર્ક એરિયા' બની રહ્યા છે. મારા મતવિસ્તારમાં એક આખો બ્લોક હવે 'ડાર્ક એરિયા' તરીકે દર્શાવવામાં આવે છે. આ વિસ્તાર- બિલસાંડા, દસ વર્ષ અગાઉ ભૂમિગત જળથી છલકાતો હતો. વ્યક્તિગત સ્તરે, લોકો પાણી બચાવવા માટે પ્રયત્ન કરી રહ્યા છે- બ્રશ કરતી વખતે નળ બંધ રાખવો, રસોડાનું વધેલું પાણી બગીચા-કૂંડામાં વાપરવું અને પાણીનો વેડફાટ ઘટાડે એવા શાવર અને ફ્લશનો ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ આપણી થાળીમાં ભોજન મૂકવા માટે કેટલું પાણી વપરાય છે એનું વિશ્લેષણ જળ-અર્થશાસ્ત્રીઓએ કરવું જોઈએ.

આપણે આહારમાં જે કંઈ ખાઈએ છીએ એને ઊગાડવા, એના પર પ્રક્રિયા કરવા, પેક કરવા અને દુકાન કે ઘર સુધી પહોંચાડવા માટે પાણીની જરૂર હોય છે. માંસની એક કેલેરીના ઉત્પાદન માટે, એક કેલેરી અનાજ કે શાકભાજીનું ઉત્પાદન કરવા માટે જોઈતા પાણી કરતાં દસગણું પાણી જોઈએ છે. આથી આપણે જેટલું વધુ માંસ આરોગીએ એટલું વધુ પાણી વાપરીએ છીએ. ભારત બીફના નિકાસમાં વિશ્વમાં ત્રીજા ક્રમાંકે આવે છે. આપણે મૃત પ્રાણીના શરીર જ બહાર નથી મોકલતા, એ આપણો સમગ્ર પાણી પુરવઠો છે. વૈશ્વિક સ્તરે, વિશ્વનું કૃષિને લગતું ત્રીજા ભાગનું પાણી સીધી અથવા આડકતરી રીતે પશુ ઉત્પાદન માટે જાય છે.

નેધરલેન્ડની ટ્વેન્ટે યુનિવર્સિટીના મેકોનેન ઍન્ડ હોકસ્ટ્રા-દ્વારા વોટર ફૂડપ્રિન્ટ અથવા ઉત્પાદન માટે વપરાતા પાણીના પ્રમાણની ગણતરી કરવામાં આવી હતી જે વરસાદના પાણી અને ભૂમિગત જળનો ઉપયોગ અને ખેતી માટે ખેંચવામાં આવેલા પાણી પર આધારિત છે. માંસની વોટર ફૂટપ્રિન્ટ અનાજ અને શાકભાજીના ફૂટપ્રિન્ટ કરતાં ઘણી વધારે છે. એમાં પણ બીફને સૌથી વધુ પાણી જોઈએ છે.

બીફના ઉત્પાદનમાં વિવિધ તબક્કે મોટા પ્રમાણમાં પાણીની જરૂર પડે છે. ગાય અને ભેંસ રોજ ૨૦ કિલો સુધી ચારો ખાય છે અને આમાં કોઈપણ એક કિલોગ્રામ ચારાના ઉત્પાદન માટે લગભગ ૧,૦૦૦ થી ૨,૦૦૦ લિટર પાણીની જરૂર પડે છે. આ પરથી આપણે અંદાજ લગાડી શકીએ કે ભારતમાં એક ઢોરના ચારા માટે રોજનું ૨૦,૦૦૦ થી ૪૦,૦૦૦ લિટર પાણી વપરાય છે.

એક પ્રાણીનું વજન ૩૦૦ કિલોગ્રામ ધારીએ તો એ ૧૦૦ કિલો બીફ આપશે અને એક કિલો બીફના ઉત્પાદન માટે ૧૫,૦૦૦ લિટરથી વધુ પાણી વપરાય છે.

શાકભાજી ફળના ઉત્પાદન સાથે એની તુલના કરીએ તો એક કિલોગ્રામ શાકભાજી ઉગાડવા માટે ૩૨૨ લિટર પાણી, ફળ માટે ૯૬૨ લિટર, મકાઈ-ઓટ-જવ-ઘઉં માટે ૧,૬૪૪ લિટર પાણી અને કઠોળ માટે ૪,૦૫૫ લિટર પાણી જોઈએ છે.

માંસનું ઉત્પાદન દર વર્ષે વધતું જાય છે. ભારતમાં ૧૯૯૯-૨૦૦૧માં ત્રણ કરોડ ટન બીફની નિકાસ થતી હતી જે ૨૦૧૬માં ૧૫.૬ કરોડ ટન પહોંચી ગઈ છે. આ આંકડો હજી વધવાની શક્યતા છે. એનો અર્થ આપણું અબજો લિટર અમૂલ્ય પાણી આપણા ખાવા માટે નહીં પરંતુ બાકીના વિશ્વના આહાર માટે વપરાય છે. આપણે મધ્ય-પૂર્વના દેશો જેવા ધનવાન દેશોનો ભાર વેંઢારી રહ્યા છીએ જેઓ પોતાના જળસ્રોત બચાવી રહ્યા છે અને આપણા આયાત કરી રહ્યા છે જ્યારે આપણા પોતાના દેશના વિવિધ વિસ્તારો દુકાળ અને ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. ખાદ્યપદાર્થોના નિકાસ માટે ક્રુડ ઑઈલ પણ મોટા પ્રમાણમાં જોઈએ અને ક્રુડ ઑઈલ પર થતી પ્રક્રિયામાં પણ મોટા પ્રમાણમાં પાણી વપરાય છે અને આપણે ક્રુડ ઑઈલ પણ આયાત કરતા હોવાથી એ પાછો વધારાનો બોજ છે.

ડચ વિજ્ઞાની હોકસ્ટ્રાએ કરેલા અભ્યાસ મુજબ ગ્રાહકને માંસાહારને બદલે શાકાહાર તરફ વાળીને આહાર સંબંધિત વોટર ફૂટપ્રિન્ટ ૩૬ ટકા જેટલી ઘટાડી શકાય. એક સરળ ઉકેલ-માંસાહારનું પ્રમાણ અડધું કરીએ તો પાણી અડધું જ વપરાશે. આથી વિશ્વને બહેતર હેતુ માટે મોટા પ્રમાણમાં પાણી મળી રહેશે. અને ઢોરઢાંખરને બદલે માનવીના આહાર માટે જીવનાવશ્યક આહારનું ઉત્પાદન કરી શકાશે. ત્રીસ વર્ષમાં વિશ્વની વસ્તી ૯.૬ અબજ વધવાની શક્યતા છે અને એની સાથે તાલ મેળવવા ખાદ્યાન્નનું ઉત્પાદન પણ વૈશ્વિક સ્તરે ૭૦ ટકા જેટલું અને વિકાસશીલ દેશોમાં ૧૦૦ ટકા જેટલું વધારવું પડશે.

વધુ ખોરાકની જરૂર એટલે આ ખોરાકને ઉગાડવા માટે વધુ પાણીની જરૂર. લોકોને ખાવા માટે અનાજ પણ ન મળતું હોય ત્યારે કેટલાક લોકોને માંસ પૂરું પાડવા માટે અપૂરતું પાણી વાપરી નાખીએ એ પણ વાજબી નથી.

'ડાર્ક એરિયા' કાળા પડછાયાની જેમ ફેલાઈ રહ્યા છે. એ તમારા ઘરના દરવાજા સુધી પહોંચી જાય એમાં ફક્ત હવે સમયનો જ સવાલ છે. એક બાલદી પાણી મેળવવા માટે વહેલી સવારે બે વાગ્યાથી લાઈન લગાડવી પડશે. પછી તો માંસ એની મેળે જ અદ્રશ્ય થઈ જશે. પરંતુ ત્યાં સુધીમાં તો જે નુકસાન થઈ ચૂક્યું હશે એને પાછું વાળી શકાય એમ નહીં હોય.

**- મેનકા ગાંધી, સૌ. જન્મભૂમિ પ્રવાસી.**

## જળ છે તો જીવન છે !

**આપણા દાદાએ તેને નદીમાં નિહાળ્યું.**
**આપણા પિતાશ્રીને તે કૂવામાં દેખાયું**
**આપણે તેને નળમાં જોયું**
**આપણા સંતાનોએ તેને બોટલમાં માણ્યું.**
**શું આપણા પૌત્ર-પૌત્રી તેને કેપ્સ્યુલમાં શોધશે ?**
**આપણે જો પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ નહિ**
**કરીએ તો તે ફક્ત આપણા આંસુઓમાં જ**
**દ્રષ્ટિગોચર થશે !!!**

**પ્રે. જતિન દોશી**

## ભારતીયો પોતાની સલામતી બાબતે કેમ આટલા બેદરકાર છે !

ઈમરજન્સી વખતે શું કરવું એ વીશે પેસેન્જરોને સમજાવવાનું કામ પ્લેનનો સ્ટાફ બહુ સારી રીતે કરે છે, અને આગ્રહ રાખવા પ્રયત્ન કરે છે કે પેસેન્જરો એ આખી પ્રક્રીયા બરાબર સમજી લે.

જો કે, કમનસીબે સ્ટાફનું એ મહામહેનતવાળું કામ કોઈ ઘોંઘાટીયા કલાસરુમના શીક્ષક જેવું બની રહે છે. કંટાળાજનક પાઠ ભણતા સ્કુલના બાળકોની જેમ, ભારતીય પેસેન્જરોને પણ સામાન્ય રીતે, ઈમરજન્સી વેળા પ્લેન ઝડપથી ખાલી કરવાના ડેમોન્સ્ટ્રેશનમાં બીલ્કુલ રસ નથી હોતો. કોઈક પોતાના ફોન મચડતા હોય છે, તો કેટલાકે હેડફોન્સ પહેરેલા હોય છે. મારા અનેક વીમાની પ્રવાસો દરમ્યાન મેં જોયું છે અને એ બહુ શરમજનક છે, કે સલામતીના એ પાઠ કેવી હળવાશથી લેવાય છે ! ઉડાન પુરી થવાના સમયે સલામતી પ્રત્યેનું આ તોછડું વલણ છેક ત્યાં સુધી પહોંચે છે, જ્યારે આ દેશી ભાઈ-બહેનો માથા પરના, સામાન રાખવાના ખાનાં ખોલીને પોતાનો સામાન ખેંચવા મંડી પડે છે; જ્યારે ભારપુર્વક સુચના અપાઈ હોય છે કે, બાંધેલા સીટના પટ્ટા કાઢી નાખવાની સુચના ન અપાય ત્યાં સુધી સૌએ બેસી રહેવું જરુરી છે. જમીન ઉપર ચાલતું વીમાન અસ્થીર હોય છે. પણ એ સુચના આપણી તથા અન્ય પેસેન્જરોની સલામતી માટે છે, એ વાતની ખરેખર નોંધ લેવાતી નથી.

એક પ્રવાસમાં આ રીતે એક સજ્જને માથા પરના ખાનામાંથી પોતાની બેગ ખેંચી, અને સાથે પડેલ લેપટોપ બેગ મારા પત્નીનાં માથા પર પડી! આવી ગાંડપણભરી ઉતાવળમાં રોજેરોજ આપણે એકબીજાને કોણ જાણે કેવું નુકસાન પહોંચાડીએ છીએ.

બજારની ભીડમાં આપણે એકબીજાનાં ખભ્ભાને અથડાતાં ચાલીએ છીએ, પણ આપણાં વાહનચાલકો તો પોતે ચાલતા હોય તેમ વાહન ચલાવે છે! વાહન એકબીજાને જરા અડી જાય ત્યાં સુધી તો ઠીક છે (આપણે ત્યાં દરેક વાહનને થોડો તો લસરકો લાગેલો જ હોય છે!) પણ મોટર એ એક મોટું અને જોખમી વાહન હોવાની વાતને ગંભીરતાથી લેવાતી નથી. આપણે સૌ જાણીએ છીએ કે હાઈવે પર પણ 'રોંગ સાઈડ' માં ચલાવનારા લોકો આપણે ત્યાં છે.

હાલમાં જ મુંબઈમાં બનેલી એક બહુ જ ખરાબ ઘટનાની આ પુર્વભુમીકા છે. મુંબઈના શહેરીજનોનું એક ટોળું નાસભાગનું ભોગ બન્યું. એક મોટું ટોળું, સાંકડી જગા અને ગભરાટ : આ ત્રણ વસ્તુ ભેગી થાય ત્યારે સર્જાતી દુ:ખદ પરીસ્થીતીનો અનેક લોકો ભોગ બને છે. મુંબઈના 'સ્ટેમ્પેડ'નો ભોગ બનનારાનો આપણે શોક કરીએ, પણ સાથે એ પણ કહેવું જોઈએ કે સમાજનો કોઈ પણ વર્ગ હોય, ભારતીયો સલામતીના સંસ્કારની ઉપેક્ષાનો ભોગ બનતા રહે છે. એરલાઈન્સનો દાખલો એ સાબીત કરે છે.

જે સમાજના સંસ્કારમાં શીસ્તનો અભાવ હોય, ત્યાં ખરાબ પરીસ્થીતી વખતે ગેરવ્યવસ્થા જબરી ઘાતક બની શકે છે. પશ્ચીમના દેશો સ્ટેડીયમ, વર્તુળાકાર રંગભુમી, હોલ જેવા બંધ સ્થળો પર ભેગાં થતાં મોટા સમુદાયોથી ટેવાયેલાં છે, પણ હકીકત એ છે કે 'સ્ટેમ્પેડ' આપણે ત્યાં અનેકગણા વધુ બને છે.

મુંબઈની ભયાનક ઘટના માટે પશ્ચીમ રેલ્વેનો દોષ કાઢવો યોગ્ય નથી. **- લેખ ઊંઝા જોડણીમાં છે.**

**(આકાર પટેલના અંગ્રેજી લેખને આધારે)**
**લેખિકા-મંજરી મેઘાણી, સૌ. નયા માર્ગ.**

**જિંદગીમેં ઉતાર ચઢાવ કા આના બહુત જરૂરી હૈ ક્યોંકિ ECG મે સીધી લાઈન કા મતલબ મૌત હી હોતા હૈ**

# પાપનો ડર, પાપનો ડંખ, પાપનું દર્દ

માનવજીવન પામ્યા પછી આપણા જીવનમાં એક ત્રિપદી ઉતારવા જેવી છે કે જે દ્રઢ દ્રષ્ટાંતે દુર્લભ માનવભવ પામ્યા પછી પાપનો ડર, ડંખ અને દર્દ આ ત્રણેયનો રોજ સ્વાધ્યાય કરવા જેવો છે જીવનમાં ઉતારવા જેવી ત્રિપદી છે જેના જીવનમાં આ ત્રિપદી આવી ગઈ તે ઘણા જ પાપોથી બચી જશે અને સંસારને સીમીત બનાવશે.

**(૧) પાપનો ડર :-** પાપ કરતા પહેલા એ વિચારવું જરૂરી છે કે હું જે કરૂં છું તેમાં પાપ છે આપણી એક પણ પ્રવૃત્તિ પાપમય ન હોવી જોઈએ. અને જે પાપ અનાયાસે થાય છે કરવું પડે છે ને કરીએ છીએ તે આપણે સ્વીકારવું જોઈએ જ્યાં સુધી પાપને નહીં સ્વીકારીએ ત્યાં સુધી આપણને પાપનો ડર રહેવાનો જ નથી અને જો પાપથી ડરશું નહીં ત્યાં સુધી પાપ કરતા અટકશું નહીં પાપથી પાછા ફરશું નહિ, પાપનો ત્યાગ કરશું નહિ. જેમ કે પુણ્યા શ્રાવકને પાપનો ડર હતો કે અનીતિનું એક પણ દ્રવ્ય મારા ઘરમાં ન આવવું જોઈએ અને તે તેના કારણે એટલો સાવધાન હતો કે જે દિવસે સામાયિકમાં ચિત્ત ન લાગે તો સમજી જતો કે આજે કંઈક અનીતિનું ઘરમાં આવી ગયું છે. અને તે તપાસીને ત્યાંથી જ પાછા ફરતા હતા. આ હતો તેનો પાપનો ડર. જેના કારણે તે શુધ્ધ સામાયિકનો પ્રણેતા બની ગયો. આપણા જીવનમાં પણ જો આવો પાપ પ્રત્યેનો ડર પેસી જાય તો આપણે પણ પુણ્યા શ્રાવક જેવી સામાયિક કરી શકીયે...

**(૨) પાપનો ડંખ :-** પાપ કદાચ અજાણતા થઈ જાય કે કરવું પડે પણ ........ તેનો ડંખ જીવનમાં રહેવો જોઈએ. જેથી તે પાપ વારંવાર આપણે ન કરીએ પાપનો ડંખ જો થાય તો પાપથી પાછા ફરી શકાય. પ્રતિક્રમણ શેના માટે કરીએ છીએ ? પાપથી પાછા ફરવા માટે. જેના જીવનમાં પાપનો ડંખ ન હોય તે બેફામ પાપ કરતા અચકાતો નથી. નંદિષેણ મુનિને કર્મ સંયોગે વેશ્યાને ત્યાં રહેવું પડ્યું પણ પાપનો ડંખ હતો એટલે રોજ દસને પ્રતિબોધ કરીને પછી જ આહાર લેવો તેવો નિયમ હતો. એક દિવસ નવ ને જ પ્રતિબોધ પમાડી શક્યા ત્યારે વેશ્યાએ કહ્યું કે હવે ૧૦માં તમે અને એક ક્ષણમાં સાધુનો વેશ પહેરીને સંયમ માર્ગે નીકળી ગયા. આની પાછળ કારણ એક જ હતું કે પાપનો ડંખ સતત મનમાં થતો હતો જો એ ડંખ એના જીવનમાં ન હોત તો રોજ દસ ને પ્રતિબોધ પમાડીને ભગવાન પાસે ન મોકલત અને તેમનું જીવન ઉજ્જવલ ન બનત ગમે તેટલું પાપ પછી તે નાનુ હોય કે મોટું પણ તેનો જો ડંખ થાય તો જીવન સુધરતા વાર ન લાગે.

**(૩) પાપનું દર્દ :-** પાપનો ડર હોય પાપનો ડંખ હોય પણ જો પાપનું દર્દ ન થાય તો સુધરવાનો કોઈ જ ચાન્સ આપણી પાસે નથી ક્યારેક એવું બને કે પાપનો ડર, ડંખ બંને હોય પણ તેની સંવેદના એટલે દર્દ જો ન હોય તો ડર અને ડંખ બંને ચાલ્યા જાય છે. દર્દ એક એવી ચીજ છે કે તે તમને ક્યાંય જંપીને બેસવા ન દે જેમકે માથાના દુ:ખાવાનું દર્દ તમને ક્યાંય ચેનથી જંપવા ન દે. શરીરનું નાનામાં નાનુ દર્દ પણ આપણને ખમાતું નથી તો પાપનું દર્દ શી રીતે સહી શકીએ ? પાપનું દર્દ થાય એટલે જરૂરથી તે પાપ આપણે છોડી દઈએ. અરણિક મુનિ ગોચરીએ જતા હતા અને રસ્તામાં શેઠાણીના ઘરે જઈ ચડ્યા અને ત્યાં શેઠાણીના વચનથી બંધાઈ ગયા અને ત્યાં મોજ શોખ વિલાસમાં પડી ગયા પણ જ્યાં ગોખમાં બેઠાબેઠા સોગઠા બાજી રમી રહ્યા છે અને માતાની બૂમ સાંભળી રહ્યા છે. જુએ છે ઓ.. હો મારી માતા મારા માટે ઝૂરી રહી છે અને હું આ પાપના પંથે જઈ રહ્યો છું માતાનું દર્દ પોતાના પાપનું દર્દ થઈ ગયું. પાપથી પાછા ફરવાની સુંદર તક સાંપડી ગઈ અને હવેલીમાંથી તરત જ નીચે આવી માતાજીના પાયે પડીને પોતાનું દર્દ આંસુથી વહાવે છે અને ધગધગતી શીલા પર જઈને અનશન કરી મુક્તિપદને પામે છે.

આપણે જીવનમાં જો પાપથી પાછા ફરવું હોય તો ઉપરની ત્રિપદીને આત્મસાત્ કરવી પડશે. એટલે જ કહ્યું છે કે પાપથી ડરો પાપનો ડંખ રાખો અને પાપનું દર્દ એટલે કે સંવેદના જીવનમાં અપનાવો તો આ સંસારરૂપી મહાસાગરમાં ક્યાંય અટકશું નહિ.

**- સા. વિરાગમાલાશ્રીજી, (ડહેલાવાળા)**

**નોંધ :** ૩૧/૫ ના રોજ સવારના ૧૦। થી ૧૧। વાગ્યા સુધી સ્વાધાય કેંદ્રમાં સ્વાધ્યાય કરાવવા હું તો સમયસર ગયો. નક્કી નહોતું શું સ્વાધ્યાય કરવો. બેઠો ત્યાં બાજુમાં જ એક કાગળ ઉડતો નજરે પડ્યો જોયું તો આ લેખ. પછી તો એનો જ સ્વાધ્યાય કર્યો. કોઈ સાધ્વી મહારાજ અહિં આ કાગળ ભૂલી ગયા હશે અને એમ સહજ આ ઉતમ લાભ આપણને સહુને મળે છે. આ છે અસ્તિત્વની પરમ વ્યવસ્થા.

**- તંત્રી**

**નખ વધ્યા હોય તો નખ કાપીએ છીએ, આંગળીઓ નહિ, તેવી જ રીતે સંબધોમાં તિરાડ પેદા થાય તો તિરાડને દૂર કરીએ, સંબધોને નહિ.**

## જિંદગી જીવી જાણી શ્રીકાંતે

આંધ્રપ્રદેશના સીતારામપુરમના મચિલીપટનમ્ ગામમાં શ્રીકાંતનો જન્મ થયો, ત્યારે ઘરમાં ઉત્સાહના માહોલને બદલે શોકનો માતમ છવાયેલો હતો. એનું કારણ એ જ હતું કે શ્રીકાંત નેત્રહીન હતો. ખેતી કરી ગુજરાન ચલાવતાં માતા-પિતા ઘણા ડોક્ટરો પાસે ગયા, પરંતુ તેમનો એક જ જવાબ હતો કે શ્રીકાંત ક્યારેય જોઈ શકશે નહીં. પાંચ કિમી. દૂર આવેલી સ્કૂલમાં શ્રીકાંતને દાખલ કર્યો, પરંતુ વર્ગમાં તેને છેલ્લી પાટલીએ બેસાડવામાં આવતો. ત્યારબાદ પિતાને ખબર પડી કે હૈદરાબાદમાં પ્રજ્ઞાચક્ષુઓ માટેની ખાસ સ્કૂલ છે, તેથી શ્રીકાંતને ત્યાં લઈ ગયા. અહીં બધા છોકરાઓ પ્રજ્ઞાચક્ષુ હતા તેથી તરત મિત્રો થઈ ગયા. કેટલાક મહિનામાં તો શ્રીકાંત વાંચતા-લખતાં શીખી ગયો. ક્રિકેટ અને ચેસની રમત રમતો અને બધામાં પ્રથમ નંબર મેળવતો. રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ સાથે 'લીડ ઈંડિયા' પ્રોજેક્ટમાં જોડાવાની તક પણ મળી, ત્યારે એનો અને કુટુંબીજનોના આનંદનો પાર નહોતો. તેને વિજ્ઞાનપ્રવાહમાં જવું હતું, પણ પ્રજ્ઞાચક્ષુ હોવાને કારણે તેને તેમાં પ્રવેશ આપવામાં ન આવ્યો. શ્રીકાંતે અદાલતના દરવાજા ખટખટાવ્યા અને તેને અગિયારમાં ધોરણમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મળ્યો. શિક્ષિકાએ પોતાના અવાજમાં ઓડિયો નોટ્સ બનાવીને આપી. બારમા ધોરણની પરીક્ષા ૯૮ ટકા માર્ક્સ સાથે પાસ કરી. શ્રીકાંત બોલાને ઍન્જિનિયરિંગનો અભ્યાસ કરવો હતો. ૨૦૦૯માં આઈ.આઈ.ટી. ની પરીક્ષા આપવી હતી, પરંતુ દેશમાં કોઈ શહેરની આઈ.આઈ.ટીમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે કોઈ સગવડ નથી. ત્યારબાદ ઈન્ટરનેટ દ્વારા એણે તપાસ કરી કે વિદેશમાં કઈ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવીને તે એન્જિનિયરિંગ કરી શકે તેમ છે. અમેરિકાની ચાર યુનિવર્સિટીએ એને પ્રવેશ આપ્યો, પરંતુ શ્રીકાંતે વિશ્વની શ્રેષ્ઠ એવી મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી પર પસંદગી ઉતારી. એમ.આઈ.ટી.માં અભ્યાસ કરવાવાળો શ્રીકાંત પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી બન્યો.

અભ્યાસ પૂરો કર્યા પછી અમેરિકાની ઘણી કંપનીઓએ ઊંચા પગારની નોકરીનો પ્રસ્તાવ કર્યો, પરંતુ એ પોતાની કંપની શરૂ કરવા માગતો હતો. મિત્રો અને માતા-પિતા એવું ઈચ્છતાં હતા કે તે અમેરિકામાં જ કાયમી વસવાટ કરે, પરંતુ શ્રીકાંતે કોઈની વાત કાને ન ધરી. હૈદરાબાદ આવીને ૨૦૧૨માં આઠ લોકો સાથે મળીને બોલાંટ ઈન્ડસ્ટ્રીની શરૂઆત કરી. તેની પાસે પૂરતી મૂડી નહોતી, પરંતુ ફંડિંગ કંપનીઓ તથા બેંકોમાંથી પૈસા મેળવીને કામ ચાલુ કર્યું. એની કંપની ડિસ્પોઝેબલ કન્ઝ્યુમર ફૂડ પેકેજિંગ, પ્રિન્ટિંગ શાહી અને ગ્લૂ બનાવી રહી છે. એની કંપનીમાં કામ કરતા કર્મચારીઓમાં સિત્તેર ટકા કર્મચારીઓ દિવ્યાંગ છે. શ્રીકાંત બોલાના સાહસને બિરદાવતાં રતનટાટા, સતીષ રેડ્ડી અને રવિ મંથા જેવા ઉદ્યોગપતિઓએ એની કંપનીમાં રોકાણ કર્યું છે. હૈદરાબાદમાં શ્રીકાંતે એક સંસ્થા ખોલી છે જે દિવ્યાંગોના શિક્ષણમાં મદદ કરે છે. આજે પાંચ વર્ષમાં એની કંપનીએ ખૂબ પ્રગતિ કરી છે. પચાસથી સાઠ કરોડની બોલાંટ ઈન્ડસ્ટ્રીઝના સી.ઈ.ઓ. તરીકે શ્રીકાંત રોજના ૧૬ થી ૧૮ કલાક કામ કરે છે. ૨૦૧૭માં ફોર્બ્સે એશિયાના ત્રીસ વર્ષથી નાની ઉંમરના ઉદ્યમીઓની યાદીમાં ત્રણ ભારતીયોને સામેલ કર્યા છે. તેમાંના એક શ્રીકાંત છે. **- પ્રીતિ શાહ, ગુજરાત સમાચાર**

## બંધ દિમાગના લોકો ?

અમુક લોકો સભાનપણે વિચારતા જ હોતા નથી. માત્ર અભણ લોકોના દિમાગ જ બંધિયાર હોય છે એવું નથી. ઘણા કહેવાતા બુદ્ધિશાળી માણસો પણ તેની લપેટમાં આવી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ બંધિયાર મન અથવા તો બંધ દિમાગથી જ જીવતા હોય છે. એમને કોઈપણ વિકાસની વાત હોય કે નવા વિચારની વાત હોય નકારાત્મક દ્રષ્ટિએ જ વિચારવું એ એમનો સ્વભાવ હોય છે. હમણાંની બુલેટ ટ્રેનની વાત લો! બંધિયાર દિમાગના લોકોએ જાત જાતની અને ગળે ન ઊતરે એવી ટીકાઓ શરૂ કરી. જોકે આવા બંધ દિમાગવાળા આપણે ત્યાં જ છે એવું પણ નથી. ઈંગ્લૅન્ડમાં અઢારમી સદીમાં વાહનવ્યવહારનાં સાધનો નહિવત્ હતા. એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવું હોય તો દહાડાના દહાડા નીકળી જાય. તે સમયે રેલવે એન્જિનની શોધ થઈ ચૂકી હતી. તેના શું-શું લાભ છે તે જાહેર થઈ ગયું હતું. એટલે ઈંગ્લેન્ડમાં રેલવે વ્યવહાર ચાલુ કરવાનો પ્રસ્તાવ પાર્લામેન્ટમાં આવ્યો. તેની યોજના તૈયાર થઈ ગઈ. તે પછી છેવટની મંજૂરી માટે તે વડાપ્રધાન આગળ સહી માટે રજૂ થઈ.

રેલવેના પાટા નાખવા હોય તો તે માટે ઘણાં ખેતરોમાંથી જમીન લેવી પડે. ઘણા ખેડૂતોએ તે કારણે નુકસાન વેઠવાની તૈયારી રાખવી પડે. તેવી જમીન ખાલસા કરવા કાયદો ઘડવો જરૂરી હતો. તે ખ્યાલ આવતાં તરત જ વડાપ્રધાને પ્રશ્ન કર્યો: 'એમ રેલવેના

પાટા નાંખવા તે ખેડૂતોને નુકસાન કરાતું હશે? તેમની જમીન લઈ લેવાતી હશે?' આમ પહેલે ધડાકે તેમણે વિરોધ કર્યો. તેમનો વિરોધ મંજુર રખાય તો દેશમાં રેલવે વ્યવહારની યોજના પર મીઠું લાગી જાય. વાસ્તવમાં રેલવે સ્થપાય તો માલસામાનની ઝડપી હેરફેર થાય. તેથી ધંધો-રોજગાર વધે. ઈંગ્લૅન્ડનું અર્થતંત્ર મજબૂત બને. એ બધું છતાં ત્યાંના રાજનેતાઓએ પહેલાં તો તેનો વિરોધ જ નોંધાવ્યો. તેમને એવું કેમ સૂઝ્યું? કારણ એક જ: બંધિયાર દિમાગ... તેથી દેશને થતા લાભ કરતાં અમુક વસ્તીને થતા ગેરલાભનો જ મુદ્દો જોયો. ફાયદાઓના વિચારને ગૌણ બનાવી દીધો. રાજકારણીઓએ એનું પોતાની રીતે મૂલ્યાંકન કર્યું, ધંધાદારી સમાજ સેવકોએ તો લોકોને ઉશ્કેરવાનું શરૂ કરી દીધું. જોકે લોકમત દેશભરમાં રેલવે લાઈન નાખવાની તરફેણમાં હતો. તેથી મુઠ્ઠીભર બંધ દિમાગના કારણે દેશની પ્રગતિમાં અવરોધ પર ચોકડી મુકાઈ ગઈ. દુનિયાભરના ઈતિહાસ જોઈએ તો જ્યારે જ્યારે પ્રગતિ કે નવા સંશોધનોની વાત આવી ત્યારે તેનો વિરોધ થયો. પરંતુ અંતે બંધ દિમાગવાળાનો લોકશક્તિ આગળ પરાજય થયો છે. લોકોએ હંમેશા નવા સંશોધનો અને વિકાસને જ પસંદ કર્યો છે, કારણ એમાં સામાન્ય માણસનું સુખ છે... બંધ દિમાગથી વિચારવાથી નુકસાન વધુ થાય છે. આવી જ વાત હેન્રી ફોર્ડની છે. ખેડૂતના આ દીકરાએ અમેરિકાનાં ઘેર ઘેર મોટર પહોંચાડવાનું સપનું જોયું. અને તે સાકાર કરી બતાવ્યું. એ પણ એક વાર બંધિયાર દિમાગમાં ફસાઈ ગયો હતો. તે માનતો હતો કે મોટરનો રંગ તો કાળો જ હોય. કાળા સિવાય બીજા રંગની મોટર હોઈ શકે જ નહિ. તેથી તેણે ક્યાંય લગી કાળા રંગની જ મોટર બજારમાં મૂક્યા કરી. તેના ચડતીના કાળ દરમિયાન કેટલાક નવા હરીફો ઊભા થયા. તેમણે રંગબેરંગી ગાડીઓ બજારમાં દાખલ કરી. એ નવા વિચારને અપનાવવાને કારણે હેન્રી ફોર્ડ હરીફાઈમાં પાછળ પડી ગયો. ખૂબ નુકસાન વેઠવું પડ્યું. કારણ શું? તેનો જવાબ આપવાની જરૂર ખરી? બંધ દિમાગ માણસને કઈ રીતે નુકસાન પહોંચાડે ખબર છે? બંધિયાર મન તમારી દ્રષ્ટિને નજીકની હદથી આગળ વધવા દેતી નથી. તમે નજીકના લાભ જ જોઈ શકો છો. તેનાથી આગળ તમારી દ્રષ્ટિ પહોંચતી નથી. તેથી લાંબા ગાળાના ફાયદા તમારી નજરમાં આવતા જ નથી.

**- કિશોર મકવાણા, સૌ. દિવ્ય ભાસ્કર.**

## બાબા આમટેના જીવનમાંનો એક પ્રસંગ...

કહેવાય છે કે એક રાત્રે બાબા આમટે આશ્રમના શૌચાલયો સાફ કરીને ઘરે પાછા વળી રહ્યા હતા. રાત ઘોર અંધારી અને તેમાં વળી ઝીણો વરસાદ. તેમના માથે મળમૂત્રથી ભરેલો ઘમેલો હતો. અચાનક એમણે ખાડામાં એક હલચલ દેખાઈ. પહેલા તો એમને ચિંથરાઓનું પોટલુ લાગ્યું પણ ધ્યાનથી જોયુ ત્યારે ખ્યાલ આવ્યો કે એ તો કોઈ માણસ છે. ચરમ સીમાએ પહોંચેલા કુષ્ટરોગથી તે માણસ પીડાતો હતો. શરીરપરનું માંસ સડવા લાગેલું, નાકની જગ્યાએ ફક્ત બે કાણાં અને આંખોની જગ્યાએ કીડા પડેલા જખ્મો. તે માણસના હાથ અને પગના આંગળા પણ ખવાઈ ગયેલા. એનું નામ તુળશીરામ.

એ દ્રશ્ય જોઈ ઘડીભર બાબા ગભરાઈને આગળ વધ્યા. એ ચેપી રોગ તેમને લાગી જશે એવો ભય હતો. તેમને પોતાના ભયની પ્રતીતિ થતાં જ તે તુળશીરામની પાસે ગયા. તેને વરસાદથી બચાવવા તેના પર એક શણની ગૂણી નાખી પોતાના ભયથી ઝઝુમતા તેમને તેમની અત્યાર સુધીની જીંદગી યાદ આવી ગઈ. તેઓ એક ભારતીય નારીની આબરૂની રક્ષા કરવા અંગ્રજો સાથે લઢેલા ત્યારે ગાંધીજીએ તેમણે 'અભય સાધક' તરીકે બિરદાવેલા. જ્યારે વરોરા ગામના સફાઈ કર્મચારીઓએ તેમને ત્યાંની ગટર સાફ કરવા પડકારેલા ત્યારે તે વિના સંકોચે, વિના કંઈ વિચાર કર્યે તે કામ હાથમાં લઈ લીધું. તેઓ લખે છે; 'તુળશીરામનું એક તડપતું અને નગ્ન શરીર જોઈ ભયભીત થઈ જનારો શું હું એ જ છું જે અંગ્રેજો સામે અભય થઈને લડેલો?' 'શું હું એ જ છું જેણે વરોરાના ગટર સફાઈ અભિયાનમાં નિઃસંકોચ પણે ઝંપલાવેલુ?' 'ત્યારે મને કુષ્ટરોગ પિડીત વ્યક્તિઓની સારવાર કરવાનો વિચાર આવ્યો. તેનો હેતુ કોઈને મદદ કરવાનો નહિ પરંતુ પોતાના ડર પર માત કરવાનો હતો.' આ હેતુ દ્વારા પિડિતોને મદદ મળી એ તો એક સહજ ઉપકાર્ય થયું. મૂળમાં તો તેમને પોતાના ડર પર વિજય મેળવવો હતો. એ હકીકત છે.(નીશા મિરચંદાનીએ લખેલ પુસ્તક 'વિઝ્ડમ સોંગ' માંથી સાભાર)

**અનુવાદ - ટીના ગડા**

**જગતમાં કોઈ પણ વ્યક્તિ તમારુ ભલુ કે બુરુ નથી કરી શકતુ, તે કરવા માટે માત્ર આપ અને આપ જ શક્તિમાન છો.**

## સત્ય ઘટના

આ વાર્તા નહી એક વાસ્તવિક ઘટના છે.

મુંબઈથી બેંગ્લોર તરફ જતી 'ઉદયન એક્ક્ષપ્રેશ' ટ્રેઈનમાં ટીકીટ ચેકર ટીકીટ ચેક કરી રહ્યો હતો. એક ડબ્બામાં લગભગ ૧૩-૧૪ વર્ષની છોકરી સીટની નીચેના ભાગમાં છુપાઈને બેઠેલી હતી. ટીકીટ ચેકરનું ધ્યાન આ છોકરી પર પડ્યું એટલે છોકરીને સીટ નીચેથી બહાર નીકળવાનું કહ્યું. છોકરી ગભરાતા ગભરાતા ઉભી થઈ. ભયને કારણે એનું શરીર ધ્રુજી રહ્યું હતું. ટી.સી. એ પુછ્યું, ''નીચે છુપાઈને કેમ બેઠી હતી? તારી ટીકીટ બતાવ.'' છોકરીએ આંખોમાં આંસુ સાથે કહ્યું, ''મારી પાસે ટીકીટ નથી''

ટી.સી. ગુસ્સે થયો અને કહ્યું, ''તને રેલ્વે પોલીસના હવાલે કરી દેવી જોઈએ પણ તું છોકરી છે એટલે જવા દઉં છું. આગળના સ્ટેશન પર આ ટ્રેઈનમાંથી નીચે ઉતરી જજે.'' ટ્રેઈનમાં મુસાફરી કરનાર એક અજાણી મહિલા છોકરીની મદદે આવી. એમણે ટી.સી. ને કહ્યું, ''ભાઈ, આટલી નાની છોકરી અજાણ્યા સ્ટેશન પર ઉતરીને ક્યાં જશે? એક કામ કરો, દંડ સાથેની જે કંઈ રકમ થતી હોય તે મને જણાવો એટલે એ રકમ હું ભરી આપુ અને તમે કાયદેસરની પહોંચ આપી દો.'' મહિલાએ છોકરીને પુછયું, ''બેટા, ચિંતા ના કર, તારે ક્યાં જવાનું છે એ કહે એટલે હું તને ત્યાંની ટીકીટ અપાવી દઉં''. છોકરીએ કહ્યું, ''મને એ જ ખબર નથી કે મારે ક્યાં જવાનું છે?'' મહિલાએ ટી.સી. ને કહ્યું, ''ભાઈ, આ છોકરી માટે બેંગ્લોરની ટીકીટ જ આપી દો. હું બેંગલોર જાવ છું એટલે આ છોકરીને પણ મારી સાથે બેંગ્લોર જ લેતી જઈશ.'' મહિલા આ છોકરીને લઈને બેંગ્લોર આવી અને બેંગ્લોરની એક સંસ્થામાં મુકી આવી. છોકરીના રહેવા અને જમવાની બધી જ વ્યવસ્થા આ મહિલાએ કરી આપી. આ ઉપરાંત એના અભ્યાસની વ્યવસ્થા પણ આ મહિલાએ કરી આપી અને તમામ ખર્ચ એમણે ઉપાડી લીધો. મહિલા ક્યારેક ક્યારેક આ છોકરીને મળવા માટે પણ જતી પરંતુ કામની અતિ વ્યસ્તતાને લીધે આ મુલાકાતો ઘટતી ગઈ. ક્યારેક ફોન પર તો ક્યારેક ઈમેલ દ્વારા વાતચિત થતી રહેતી.

અમુક વર્ષો પછી પેલી મહિલાને એક લેક્ચર આપવા માટે અમેરીકાના સાનફ્રાંસિસકોમાં જવાનું થયું. સાનફ્રાંસીસકોમાં રહેતા કન્નડ લોકોની એક સંસ્થાએ વ્યાખ્યાનનું આયોજન કરેલુ હતું. આ મહિલા જે હોટેલના હોલમાં કાર્યક્રમ હતો એ હોટેલમાં જ રોકાયા હતા. કાર્યક્રમ પુરો થયા બાદ હોટેલથી નીકળતી વખતે જ્યારે આ મહિલા હોટેલના રીસેપ્શન કાઉન્ટર પર એમનું બીલ ભરવા માટે આવ્યા ત્યારે ખબર પડી કે કોઈએ એમનું બીલ ભરી આપ્યું છે. બીલ ભરી આપનાર દંપતિ ત્યાં જ ઉભુ હતું. મહિલા પ્રોફેસર એમને ઓળખતા પણ નહોતા એટલે પુછયું, ''આટલી મોટી રકમનું બીલ તમે કેમ ભરી આપ્યું?'' સામે જ ઉભેલા દંપતિમાંથી પત્નિ બોલી, ''મેડમ, આ બીલની રકમ મુંબઈથી બેંગ્લોરની રેલ્વે ટીકીટની સામે સાવ તુચ્છ છે.''

મહિલાની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. એક અનાથ છોકરીને રેલ્વેના ડબ્બામાંથી અમેરિકા સુધી પહોંચાડનાર સેવાભાવી મહિલા એટલે ઈન્ફોસીસ ફાઉન્ડેશનના ચેરમેન શ્રીમતિ સુધા મૂર્તિ.

મિત્રો, તમારી નાની એવી મદદ કેટલું મોટું પરીણામ આપી શકે એની તમે કલ્પના પણ ન કરી શકો. જીવનમાં બીજાને જેટલી થઈ શકે એટલી મદદ કરવી જોઈએ. તમને મદદ કર્યાનો આત્મસંતોષ જરૂર થશે.

**(ઈન્ટરનેટ પરથી) પ્રે. શાંતિલાલ ગડા.**

## ચિંતન નો ચારો

- મને જે મળે, જ્યાં મળે જેવું મળે મારા કર્મ પ્રમાણે મળે છે.
- પરપોટાને ફૂટતા વાર નથી લાગતી, પુણ્યને ખૂટતા વાર નથી લાગતી.
- જે આજને સુધારે છે તેનો અંત સુધરે છે, જેનો અંત સુધરે એના અનંત સુધરે છે.
- જે આજે પ્રિય લાગે છે તે આવતી કાલે પીડાનું કારણ બની શકે છે.
- દરેક લાગણીની બોટલ ઉપર એક્સપાયરી ડેટ હોય છે.
- આફતનો લાગતો પહાડ બરફનો બનેલો હોય છે.
- નાપાસ ભલે થાઓ પણ નાસીપાસ ક્યારેય નહિ
- ગમેતેવા સંકટમાં ક્યારેય હારવું નહિ, ડગવું નહિ, પડવું નહિ...... પડી જાવ તો પડ્યા રહેવું નહિ.

**- પૂ. નમ્રમુની મ.સા.**

**पाप तो बुरा है ही, लेकीन पुण्यका अहंकार उससे भी ज्यादा बुरा है**

## તબીબી જગત ફાર્મા કંપનીઓની કઠપૂતળી :

'તમારું શરીર જાતે દરેક બીમારી સામે લડી શકે છે. તમારામાં રહેલા આંતરીક ડોક્ટર (ઈનબિલ્ટ રિપેર મેકેનીઝમ) નો ઉપયોગ કરો. યોગ્ય, સ્વાચ્છોશ્વાસની ટેકનીક અને આયુર્વેદની મદદથી શરીરની ઈમ્યુન સિસ્ટમને મજબૂત કરો. જ્યારે આપણે ખરા વિજ્ઞાનને સમજી જશું ત્યારે દવા પાછળ આંધળી દોટ નહીં મૂકીએ...' આ શબ્દો છે પદ્મભૂષણ, ડો. રોય નેશનલ એવોર્ડથી સન્માનિત અને પિપલ્સ ડોક્ટર તરીકે જાણીતા ડો. હેગડેના.

ડો. હેગડેએ ચોંકાવનારો ખુલાસો કરતાં જણાવ્યું કે વિશ્વની પાવરફૂલ ફાર્મા-ડ્રગ કંપનીઓનું તબીબી જગત પર વર્ચસ્વ છે. ડોક્ટરો જે ટેક્સ્ટ બુકો ભણે છે તે પણ આ કંપનીઓ તૈયાર કરાવે છે. તેમાં કયા લેખકોના નામ લખવા (પેઈડ સાયન્ટિસ્ટ) તે પણ પૈસાના જોરે લખાવે છે.

દવાના ખરીદ-વેચાણમાં આખુ વિશ્વ નાણાંના જોરે ચાલે છે અને પશ્ચિમી નાણાંલોબી આપણને બકરાં બનાવે છે ! વિવિધ દવાઓ બજારમાં ઠાલવવામાં આવે છે પછી તેના વેચાણ માટે પણ મોટા કારસ્તાન ચાલતાં હોય છે. એજ્યુકેશન સિસ્ટમમાં બદલાવની જરૂરીયાત વ્યક્ત કરતાં ડો. હેગડેએ જણાવ્યું કે આપણાં પર પશ્ચિમી દેશોની મોટી અસર છે. ત્યાંથી જે પ્રમાણભૂત થાય તેને જ આપણે અનુસરીએ છીએ. ખરેખર તો આપણી જૂની ગુરૂકૂલ સિસ્ટમ સારી હતી. જે જુઓ છો, ભણો છો, વાંચો છો તેના કરતાં વાસ્તવિકતા અલગ છે.

ડો. હેગડે જણાવ્યું કે ડોન્ટ પ્રિડિક્ટ ધ અન પ્રિડિક્ટેબલ થીંગ્સ, અર્થાત ભવિષ્યમાં શું થશે તેની ખબર નથી ત્યારે બીમારી અંગે દર્દીઓને ખોટા ભય બતાવવાનું બંધ કરો. તમે ભગવાન નથી કે એવું કહો કે દર્દી આટલા સમયમાં મરી જશે. ૯૯ ટકા કેસમાં સ્ટેન્ટની જરૂર હોતી જ નથી છતાં દર્દીઓને સ્ટેન્ટ લગાવી દેવામાં આવે છે. બાયપાસમાં પણ આવું જ છે. મોડર્ન ડોક્ટરોને એન્જિયોપ્લાસ્ટીની સમજણ નથી. બ્લોકેજ હોય જ છે. જે ડોક્ટરોને ખબર નથી હોતી તેઓ સર્જરી કરે છે. ખરા ડોક્ટર દર્દીઓને શક્ય ત્યાં સુધી દવાથી દૂર રાખી સાચી સમજણ આપે.

ડો. હેગડેએ અપીલ કરી કે ઈમરજન્સી હોય ત્યારે જ ડોક્ટર પાસે જવું પેઈનકિલર અને એન્ટિબાયોટિક્સ ખતરનાક છે તેનો ક્યારેય ઉપયોગ ન કરવો. એન્ટિબાયોટિક્સ આપણી ઈમ્યુન સિસ્ટમને ખત્મ કરી નાખે છે. હાર્ટ, કિડની માટે તે નુકસાનકારક છે. પેઈનકિલર કિલ્સ. તેનાથી કોઈ રાહત મળતી નથી. પેઈનકિલર્સ કિડની ફેઈલોયર દર્દીઓ ઉભા કરે છે. જેથી ડાયાલીસીસ ચાલતાં રહે છે હાર્ટએટેક તરફ દોરી જાય છે મોટાભાગની સ્વાસ્થ્ય સમસ્યા માનસમાંથી ઉદ્‌ભવે છે.

તેમણે જણાવ્યું કે દવા પાછળ એક રૂપિયાનો પણ ખર્ચ કરવાની જરૂર નથી. આપણા શરીરને ઠીક કરવાની કુદરતી વ્યવસ્થા છે. જીવવા માટે દવાની કોઈ જરૂર નથી દવાઓ તો નાણાં કમાવવાનું એક માધ્યમ છે. નેચરને સમજો, હેલ્ધી માઈન્ડ અને ઈમ્યુન સિસ્ટમને મજબુત બનાવો એ જ શ્રેષ્ઠ દવા છે. સારું વિચારો, સારી ઉંઘ લ્યો, કામ કરો, ખૂબ હસવું તો દવાની કોઈ જરૂર નથી. હાલ લોકો પ્રોટિન પાછળ ભાગતાં જોવા મળે છે ત્યારે તેમણે સ્પષ્ટતા કરી કે વધુ પ્રોટિનની શરીરને કોઈ જરૂર નથી પ્રોટિન પાછળ ભાગો નહી વધુ પ્રોટિન નુકસાનકારક છે.

બી.પી. અને કોલેસ્ટ્રોલ અંગે ફાર્મા કંપનીઓ દ્વારા લોકોમાં ખોટો હાઉ ઉભો કરવામાં આવ્યો છે. સ્વાઈન ફ્લૂ પણ આવું જ એક તૂત છે. વેક્સીન બનાવનારાઓએ સ્વાઈન ફ્લૂનો ખોફ ઉભો કર્યો છે. સારી રીતે હાથ ધોતા રહો બસ. માસ્ક પહેરવાથી પણ કંઈ રક્ષણ મળતું નથી.

આર.ઓ. મિનરલ વોટર અંગે ડો. હેગડેએ ખૂલાસો કર્યો કે મિનરલ વોટરએ એક બિઝનેસ છે. આવા પાણીથી કોઈ ફાયદો નથી. ઉલટાનું પાણીમાં જે કુદરતી મિનરલ્સ હોય છે તે પણ કાઢી લે છે. લીબું પાણી જેવું શ્રેષ્ઠ કઈ નથી.

## કોણ છે ડો. બી.એમ. હેગડે ?

ડો. બેલ્લે મોનપ્પાનો જન્મ ૧૮ ઑગસ્ટ ૧૯૩૮માં કર્ણાટકમાં થયો હતો. મેડિકલ સાયન્ટિસ્ટ, એજ્યુકેશનાલિસ્ટ, સ્પીકર, લેખક છે. મદ્રાસ, લખનઉ અને લંડનથી તેમણે તબીબી ઉચ્ચ ડીગ્રી હાસલ કરી છે. હાવર્ડ મેડિકલ સ્કૂલમાંથી તેમણે કાર્ડિયોલોજીની તાલીમ લીધી છે. વર્ષ ૧૯૯૯માં તેમને પ્રતિષ્ઠિત બી.સી.રોય નેશનલ એવોર્ડ અને ૨૦૧૦માં પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

**સુપાત્ર અને કુપાત્રમાં ખૂબ જ તફાવત છે.**
**ગાય ઘાસ ખાઈને પણ દૂધ આપે છે,**
**જ્યારે સાપ દૂધ પીને પણ ઝેર ઓકે છે.**

## લવાજમ બાકી છે તે ગ્રાહકોના નંબર

**આ લીસ્ટમાં ૧૦૦ થી વધારે એવા ગ્રાહકોના નંબર છે કે જેમણે એક કે બે વાર લવાજમ ભરેલ છે. પણ તે રૂા.૩૦૦/- થી વધારે નથી. એમણે લવાજમ Due સમજવું.**

**મલાડ (પશ્ચિમ) Code-MLDW -** 1, 2, 3, 4, 5, 7, 9, 10, 12, 16, 17, 18, 20, 21, 22, 23, 24, 26, 27, 28, 29, 30, 31, 33, 36, 37, 38, 40, 44, 45, 46, 47, 49, 50, 51, 52, 53, 54, 55, 56, 58, 59, 60, 61, 62, 63, 64, 65, 66, 67, 69.

**મલાડ (પૂર્વ) Code-MLDE –** 1, 3, 4, 5, 6, 8, 9.

**નવી મુંબઈ Code-NVMB –** 2, 3, 4, 6.

**પાલઘર Code-PL –** 02, 04, 07, 09, 10, 15.

**મહારાષ્ટ્ર Code-MH-**02,04, 09, 10, 11, 12, 15.

**બીજા રાજ્યો Code-OS –** 02, 03, 04, 05, 11, 12, 14, 15, 16, 17, 19, 21, 22, 23, 24, 27, 28, 30.

**થાણે Code-TH-**01,02,03,04,05,06,07,08,09.

**મુંબઈ લોકલ Code-MB –** 01, 02, 03, 04, 05, 11, 12, 16, 17, 18, 19, 21, 22, 23, 24, 26, 28, 29, 30, 31, 34, 35, 38, 39, 40, 43, 44, 46, 48, 49, 50, 51, 52, 53, 54, 57, 58, 59, 60, 61, 63, 64, 65, 66, 67, 68, 70, 71, 72, 73, 74, 75, 76, 77, 81, 82, 83, 84, 85, 87, 88, 89, 90, 91, 92, 93, 94, 95, 96, 97, 100, 101, 103, 105, 107, 108, 109, 110, 111, 115, 118, 119, 121, 122, 123, 124, 127, 128, 129, 133, 134, 135, 138, 141, 144, 146, 147, 148, 149, 150, 152, 154, 155, 156, 158, 161, 162, 164, 165, 166, 171, 172, 175, 176, 177, 179, 180, 181, 182, 184, 185, 186, 187, 188, 189, 190, 192, 194, 195, 196, 197, 198, 199, 200, 203, 205, 206, 207, 208, 211, 214, 217, 218, 219, 220, 221, 222, 223, 224, 225, 226, 227, 228, 230, 231, 233, 234, 235, 236, 237, 238, 239, 240, 241, 242, 243, 244, 245, 247, 248, 249, 250, 253, 254, 255, 259, 260, 261, 262, 264, 265, 266, 267, 268, 269, 270, 272, 273, 275, 276, 277, 278, 279, 280, 281, 282, 284, 285, 286, 288, 291, 292, 293, 294, 296, 297, 298, 299, 300, 301, 303, 304, 305, 306, 307, 308, 309, 310, 312, 313, 314, 316, 317, 318, 319, 320, 321, 322, 323, 324, 325, 329, 331, 332, 333, 334, 336, 337, 338, 339, 340, 341, 342, 344, 345, 347, 348, 349, 351, 352, 353, 355, 357, 358, 359, 360, 361, 362, 363, 365, 366, 368, 369, 370, 371, 372, 373, 374, 375, 376, 377, 378, 379, 380, 381, 382, 383, 384, 385, 386, 387, 388, 389.

**ગુજરાત Code-GJ –** 501, 502, 505, 507, 508, 509, 511, 512, 514, 523, 524, 525, 526, 534, 536, 537, 539, 540, 542, 544, 545, 546, 547, 548, 549, 550, 551, 557, 566, 567, 569, 572, 573, 580, 582, 584, 588, 589, 591, 592, 593, 595, 608, 609, 612, 615, 616, 617, 618, 619, 620, 622, 623, 624, 626, 628, 630, 635, 636, 637, 638, 641, 643, 644, 645, 646, 647, 650, 651, 652, 653, 654, 655, 657, 658, 659, 660, 661, 663, 664, 665, 666, 667, 668, 669, 670, 671, 673, 674, 675, 676, 679, 682, 685, 686, 687, 688, 689, 690, 691, 692, 693, 694, 695, 696, 697, 698, 699, 700, 701, 702, 703, 704, 706, 709, 710, 711, 712, 713, 715, 716, 717, 719, 720, 721, 722, 723, 724, 727, 729, 730, 731, 732, 733, 734, 739, 740, 741, 742, 743, 744, 745, 747, 753, 754, 755, 756, 757, 758, 759, 760, 763, 764, 765, 766, 768, 770, 772, 773, 775, 776, 778, 779, 780, 781, 782, 783, 785, 786, 787, 788, 789, 790, 793, 794, 795, 796, 797, 798, 799, 800, 801, 802, 803, 804, 805, 806, 807, 808, 809, 810, 813, 814, 815, 816, 817, 818, 819, 820, 821, 822, 823, 824, 825, 826, 827, 828, 829, 830, 831, 832, 833, 834, 835, 836, 837, 839, 840, 841, 842, 843, 844, 845, 846, 847, 848, 849, 850, 851, 852, 853, 854, 855, 858, 859, 860, 861, 862, 863, 865, 866, 867, 868, 869, 870, 871, 872, 876, 877, 878, 879, 880, 881, 882, 883, 884, 885, 886, 888, 891, 892, 893, 894, 895, 903, 904, 905, 908, 911, 912, 913, 914, 917, 918, 919, 920, 921, 922, 923, 926, 929, 930, 931, 934, 935, 936, 937, 938, 939, 940, 941, 942, 943, 946, 947, 948, 949, 950, 951, 952, 953, 956, 957, 958, 960, 962, 964, 967, 969, 970, 971, 972.- **તંત્રી, રમેશભાઈ દોશી**

**વક્ત અચ્છા જરૂર આતા હૈ, મગર વક્ત પર હી આતા હૈ**

## મૃત્યુ તો સ્વાભાવિક છે.

મોત શી ચીજ છે? એક ડગલો ઉતારી બીજો પહેરવો, એક ઓરડામાંથી ઊઠી બીજા ઓરડામાં જવું, એના જેવું એ સ્વાભાવિક છે.

જેવી રીતે પવનની લહેરથી ભરદરિયે બે લાકડાં સાથે મળે અને થોડીવાર સાથે રહી એ જ પવનની લહેરથી મોજાંનો ધક્કો વાગતાં વિખૂટાં પડી જુદી જુદી દિશામાં ચાલ્યાં જાય. વળી પાછાં બીજા જોડે જોડાઈ પાછાં છૂટાં પડે, તેવી જ રીતે સંસારમાં પૂર્વકર્મનાં યોગથી પ્રાણીઓ સાથે મળે છે અને ક્ષણવાર સાથે રહી એ કર્મયોગ પૂરો થતાં પાછાં વિખૂટાં પડે છે.

અજ્ઞાનીઓ આ લાકડાંની જોડતૂટમાં સુખદુઃખ માની હસે-રડે છે અને જ્ઞાની દ્રષ્ટા થઈ કેવળ વિલોક્યા જ કરે છે. **- શ્રીરંગ અવધૂત, પ્રે. દિનેશ દેઢિયા.**

## મહર્ષિ અરવિંદ

- માણસો દરેક વસ્તુને શક્ય એટલા બધાં જ દ્રષ્ટિબિન્દુઓથી વિચારે એ બહુ જરૂરનું છે.
- માણસ ભગવાનને ચાહે પણ માનવ-જાતિને ન ચાહે તો તે એક મોટું આશ્ચર્ય છે. તો પછી તેઓ કોને ચાહે છે ? કોની સાથે પ્રેમ કરે છે ?
- જીવન માટે તું અભિપ્રાયનો ઉપયોગ કર પણ તે તારા આત્માને પાસામાં જકડી ન લે તેની સાવચેતી રાખજે.
- આખરી આનંદ માટે વેદના કેટલી બધી જરૂરી છે. સંપૂર્ણ સફળતા માટે નિષ્ફળતા કેટલી બધી જરૂરી છે. અને આખરી આવેગ માટે અવરોધો કેટલા બધા જરૂરી છે. તે જોવા જ્યારે તું શક્તિશાળી બનીશ ત્યારે જ તને ભગવાનનાં કર્મોની થોડીઘણી ઝાંખી થશે. સ્વાર્થીપણું આત્માને હણે છે, તેનો નાશ કર પણ એટલી દરકાર રાખજે કે તારી પરોપકારિતા બીજાઓના આત્માને ન વાગે.
- When you give your self, give completely without demand, without condition, without reservation so that all in you shall be long to the Divine Mother and nothing be left to the ego or given to any other power.

'બધી વસ્તુઓને મધુમય બના, દિવ્યજીવનનો એ કાયદો છે.'

**- સૌ. અખંડ આનંદ**

## બહુ પુણ્યકેરા પુંજથી...

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો એકે નહિ ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો,
હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂં ખરૂં ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે પરહરું ?
એના વિચાર વિવેક પૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું,
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો.
સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.

**- (સંક્ષિપ્તમાં) શ્રીમદ્ રાજચંદ્ર**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. સુશીલાબેન દેઢિયા | અંધરી | ૧૦૦/- |
| ૨. સુધાબેન ગાંધી | જુહુ | ૨૦૦/- |
| ૩. બાબુભાઈ સોલંકી | મલાડ | ૨૦૦/- |

### લવાજમ

**ખાતાનું નામ: ગોરક્ષા પાત્ર, બેંક: યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા, મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪.**
**ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC : UTBI0MLD625**

### લવાજમ સંદર્ભે નોંધ :

૧) શક્ય હોય ત્યાં સુધી રકમ બેન્ક મારફત ONLINE (NEFT દ્વારા) મોકલવી.
૨) ચેક લખવો હોય તો ''GORAKSHA PATRA'' નામનો લખવો અને ચેકને CROSS // કરવો. ચેક ''AT PAR'' નો હોવો જોઈએ.
૩) મનીઓર્ડર અને કુરિયર ક્યારેક ઘરે કોઈ ન હોવાથી પાછા જાય છે. તેથી ચેક કુરિયર દ્વારા મોકલો તો એના પર મોટા અક્ષરે **DROP** લખવું હમણાંના મનીઓર્ડર ફોર્મમાં મોકલનારનું નામ નથી આવતુ તેથી મનીઓર્ડરથી પૈસા મોકલનારે અલગથી SMS/ WHAT'S APP દ્વારા પોતાનું નામ, શહેરનું નામ, ગ્રાહક નંબર અને રકમ જણાવવા વિનંતિ - **તંત્રી**

## કચ્છ ગૌરવ

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

૮મી ડીસેમ્બર ૧૯૭૧ની રાત હતી. ભારત અને પાકીસ્તાન વચ્ચેનું યુધ્ધ ચાલી રહ્યુ હતું. પાકીસ્તાન બોમ્બરોએ ભુજમાં આવેલા ઈન્ડીયન એર ફોર્સના બેસ કેમ્પના રનવેને સતત બોમ્બમારો કરીને તોડી નાંખ્યો. રનવે તુટી જવાથી વળતા હુમલા કરવા શક્ય જ નહોતા. કોઈપણ સંજોગોમાં તાત્કાલીક આ રનવે રીપેર થાય તે અનિવાર્ય હતું.

રનવેને જે મોટાપાયા પર નુકસાન થયુ હતું તેને સરખુ કરવા માટે મોટી સંખ્યામાં માણસોની જરૂર હતી. માધાપર ગામની મહીલાઓને આ વાતની ખબર પડી. ગામની ૩૦૦ મહીલાઓ ભેગી થઈ અને રનવે રીપેર કરવાનું કામ ઉપાડયું. એક બોમ્બ માથે પડે તો બધાના રામ રમી જાય એવી સ્થિતીમાં પણ મોતનો વિચાર કર્યા વગર આ વીરાંગનાઓ રનવે રિપેર કરવા માટે પહોંચી ગઈ.

૧૬ વર્ષની ઉંમરની ધનુ નામની એક યુવતી તો હજુ હમણા જ પરણેલી હતી. એનો પતિ કેન્યા ગયો હતો. ધનુએ એની સાસુને વિનંતી કરીએ એને રનવે રીપેર કરવા માટે જવા દેવામાં આવે. સાસુએ કહ્યું 'બેટા, તું હજુ હમણા જ પરણી છો એટલે તને જવા દઉ અને કંઈ થાય તો હું તારા પતિને શું મોઢું બતાવું?' તને એકલીને નહી જવા દઉ, હું પણ તારી સાથે જ આવું છું આમ કહીને સાસુ પણ વહુની સાથે રનવે રીપેરની કામગીરીમાં લાગી ગઈ.

માત્ર સુખડી અને મરચાં ખાઈને આ ૩૦૦ વિરાંગનાઓએ ૭૨ કલાકમાં ઈન્ડીયન એરફોર્સનો રનવે રીપેર કરી આપ્યો. ૧૯૭૧ના યુધ્ધમાં ભારતનો વિજય થયો એમાં માધાપરની આ બહેનોનો પણ બહુ મોટો ફાળો હતો. યુધ્ધ પછી ભારતના તત્કાલીન વડાપ્રધાન ઈન્દીરા ગાંધી જ્યારે ભુજની મુલાકાતે આવ્યા ત્યારે આ બધી બહેનોને મળ્યા. એ વખતે ઈન્દીરાજી બોલેલા કે ''આજે ભારત પાસે એક નહી ૩૦૦ રાણી લક્ષ્મીબાઈ છે.''

ભારત સરકારે આ બહેનોની દેશભક્તિથી રાજી થઈને તે સમયે રૂા. ૫૦,૦૦૦નું ઈનામ આપ્યું. આ બહેનોએ પ્રથમ તો એમ કહીને રકમ સ્વિકારવાનો ઈનકાર કર્યો કે અમે તો માત્ર અમારી ફરજો જ બજાવી છે પરંતું રકમ સ્વિકારવા માટે બહુ વિનંતી કરી ત્યારે રકમ સ્વિકારીને માધાપર ગ્રામપંચાયતને આપી દીધી કે જેથી એ રકમમાંથી ગ્રામ પંચાયત કોમ્યુનીટી હોલ બનાવી શકે. આ યાદમાં શૌર્યવંતી કામગીરી કરનારી મહિલાઓનો ગૌરવવંતો ઈતિહાસ તાજો થાય તે માટે માધાપર ગ્રામપંચાયત દ્વારા ૨૦૧૫માં વિશાળ ''વિરાંગના સ્મારક'' ગામમાં બનાવવામાં આવ્યું.

માધાપર આજે અબજોપતિઓનું ગામ ગણાય છે કદાચ ભગવાને આ વીરાંગનાઓની દેશભક્તિ જોઈને સમૃધ્ધિના આશીર્વાદ આપ્યા હશે.

**- સૌ. ખ્યાતિ બાજપેયી**

---

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2018**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરૂ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**



ગોરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,